Since 1925...

# ક.દ.ઓ. પ્રકાશ સમીક્ષા

જ્ઞાતિ પ્રવાહનું સાપ્તાહિક માધ્યમ

C.D.O. PRAKASH SAMIKSHA

Visit us at : www.prakashsamiksha.com • Email : kdoprakash@gmail.com

RNI રજી. બાદ વર્ષ : ૨૦ • અંક : ૫૧ • તા. ૧૮ ડિસેમ્બર ૨૦૧૭ થી ૨૪ ડિસેમ્બર ૨૦૧૭ • વાર્ષિક લવાજમ રૂા. ૫૦ • Regn.No. MCE/53/2015-17

## શ્રી કચ્છી દશા ઓશવાલ જૈન ( નલીયાવાસી ) મુંબઇ ચેરીટેબલ ટ્રસ્ટ

૧૦૯, અનુરાગ બિઝનેસ સેન્ટર, ૧લે માળે, ઘાટલા રોડ, ચેમ્બુર ( ઇસ્ટ ), મુંબઇ - ૪૦૦૦૭૧.

ફોન નં. ( ૦૨૨ ) ૨૫૨૨૦૭૮૪૫ / ૪૬ ફેક્સ નં. ( ૦૨૨ ) ૨૫૨૦૭૮૪૪.

ઇ - મેઇલ એડ્રેસ : kdonnaliyatrust@gmail.com

મુખ્ય કાર્યાલય : શ્રી ચંદ્રપ્રભ જૈન અતિથીભવન, મોતા ફલીયા, નલીયા – ૩૭૦૬૫૫. તાલુકા : અબડાસા. જીલ્લો : કચ્છ, ગુજરાત રાજય.

## સોળમો નિ:શુલ્ક નિદાન કેમ્પ તા.૦૩.૧૨.૨૦૧૭ – રવિવાર














# પ્રાચીન અને આકર્ષક : કચ્છી વેશભૂષા


શ્રી કે.ડી.ઓ. જૈન કોમ્યુનીટી - પુનામાંથી સાભાર

શિયાળે સોરઠ ભલો, ઉનાળે ભલો ગુજરાત,
ચોમાસે વાગડ ભલો, મુંજો કચ્છડો બારેમાસ

ઐતિહાસિક, ભૌગોલિક, સાંસ્કૃતિક અને સામાજિક વિશિષ્ટતાથી ભરપૂર અઢી અક્ષરનો પ્રદેશ એટલે કચ્છ. કચ્છની ભાષા મીઠી, કચ્છની માટી સુગંધી, કચ્છી માડુની ખુમારી ન્યારી, કચ્છની વાતો પ્યારી પ્યારી. બિલકુલ એવા જ અનોખા છે કચ્છીઓના તરેહ તરેહના પહેરવેશ.

આવા આ અનેરા કચ્છના દસ તાલુકા છે. એમાંનો એક એટલે પાંજો અબડાસો. અબડાસામાં શ્રી ક.દ.ઓ. જૈન જ્ઞાતિની ભવ્ય પંચતીર્થી અને દશાઈ દેરાની ભવ્ય સુંદરતા નિહાળવાલાયક છે. આવી સદાબહાર સંસ્કૃતિ જ આપણી ઓળખ છે. ઉપરાંત આપણો પહેરવેશ પણ અનોખો છે. આવો, આપણા પહેરવેશોની એક ઝલક માણીએ.

## ખોંભાનો છાયલ : કાશ્મીરાબેન દિનેશ લોડાયા



કન્યા જ્યારે મંગળફેરા ફરીને દામ્પત્યજીવનમાં પ્રભુતાનાં પગલાં મૂકે છે ત્યારે તેને સુહાગણનો સોનેરી ખિતાબ આપતો, એક ખૂબસૂરત ઓળખ આપતો ઘરચોળો એટલે જ ખોંભો. એની શરૂઆત માત્ર અને માત્ર આપણી દશા ઓશવાલ જ્ઞાતિએ કરી હતી. આજે તેના પર કસબની બોર્ડર ચઢાવીને પહેરવામાં આવે ચે. વળી આજ દિવસ સુધી વર-કન્યાના નજીકના સ્નેહીજન બહેનો લગ્નપ્રસંગે ફક્ત ખોંભાનો છાયલ ધારણ કરી તેની પારંપરિક શોભા વધારે છે. અમર રહે આપણો જરી ક્યારો છાયલ જે મહદ્અંશે લાલ, મરૂન (એટલે કિરમજી) રંગનો હોય છે.

## કસબજી સાડી : લતાબેન દિનેશ મોમાયા



પાંજી દશેંજી હકડી અલગ અને અલાયદી ઓળખ એટલે કસબજી સાડી અથવા સચી જરી જી સાડી. જેં જો રિવાજ પાંજે કેડીઓ મેં અજ ડીં સુધી અકબંધ આય. નાલે મથાનું જ પ્રતીત થિયે તો મૂળ રીતે કસબમેં અસલ સોને જે તારથી મડાઈધી વયું. હણે ટેસ્ટેડ કસબજી સાડીયું પણ મિલેતિયું. અજ પણ પાંજી નોંરે ધીરે કે વિંયાં વધાણે કસબજી સાડી કેવાજીતી લગ્નપ્રસંગે ધૂતિયા-પડરા-મામેરિયા ગીત રાસ મેં કસબજી સાડી માનપૂર્વક પેરાજેતિયું.

## કચ્છી ભરતની સાડી : નલિનીબેન નરેન્દ્ર લાપસીયા



અનોખી અને એવરગ્રીન કહેવાય એવી ભરતવાળી સાડીની ફેશન ક્યારેય જતી નથી. એમાંય કચ્છી ચોબારિયાનું શું કહેવું? કચ્છમાં આજે પણ કચ્છી ભરત ખૂબ બારીકાઈ અને ચીવટથી ભરાય છે. આપણી પરંપરા જળવાઈ રહી છે. દરેક નાના મોટા પ્રસંગે બહેનો આ સાડી ધારણ કરે છે.

## કચ્છી ભરતના ચણિયા-ચોળી : અરૂણા મંગલભાઈ ભાટે



આ ચણિયા-ચોળી અલગ અલગ ભરતકામમાં ભરવામાં આવે છે. જેમ કે કચ્છી ભરત, ખોટું ભારત, આરી ભરત, ફેન્સી ટાંકા વગેરે, જેનું અનોખું આકર્ષણ છે. અનેક શુભ પ્રસંગે આ ચણિયા-ચોળી પહેરવામાં આવે છે.

વધુ ફોટોગ્રાફ તથા માહિતી પાના નં. ૨૦ ઉપર

# શ્રી કચ્છી દશા ઓશવાલ જૈન ( નલીયાવાસી ) મુંબઇ ચેરીટેબલ ટ્રસ્ટ
## સોળમો નિ :શુલ્ક નિદાન કેમ્પનો અહેવાલ

તા.૦૩.૧૨.૨૦૧૭ – રવિવાર

શ્રી કચ્છી દશા ઓસવાલ જૈન ( નલીયાવાસી ) મુંબઇ ચેરીટેબલ ટ્રસ્ટ સોળમો નિ :શુલ્ક નિદાન કેમ્પનું શ્રી ચંદ્રપ્રભ જૈન અતિથીભવન, મોતા ફલીયા, નલીયા ( કચ્છ ) મધ્યે આયોજન કરવામાં આવેલ હતું. આ કેમ્પને પરમ પુજ્ય ગુરૂદેવશ્રી વિજયશાંતી સુરીશ્વરજી મા.સા. ના ભક્તજનો અને અન્ય સાથી દાતાઓનો આર્થિક સહયોગ મળેલ હતો. નલીયા એકતા પરિવારના માનનીય શ્રી લિતેસભાઇ ખોના, શ્રી જયંતભાઇ છેડા, શ્રી ઉમેશભાઇ મોતા, અને શ્રી લિનેશભાઇ નાગડા, મુંબઇ એ પરમ પુ.ગુરૂદેવશ્રી વિજયશાંતી સુરીશ્વરજી મ. સા.ની છબી સમક્ષ દિપ પ્રગટાવીને અને નવકાર મંત્રનો જાપ કરેલ હતો અને ત્યાર બાદ આ નિદાન કેમ્પને ખુલ્લો મુકાવામાં આવેલ હતો.

આ નિદાન કેમ્પમાં કચ્છના નામાંકિત અને નિષ્ણાત ડોકટરો જેમકે સ્ત્રી રોગમાટે ભુજ ના ડો. દમયંતીબેન ગણાત્રા, આંખ રોગના માટે ભુજના ડો. સત્યમ ગણાત્રા, ડો. સંજય ઉપાધ્યાય તથા ભોજાયના ડો. યજુવેન્દ્રસિંહ રાઠોર, દાંતના રોગ માટે નખત્રાણાના ડો. એચ. આર સોમૈયા, જનરલ ફીઝીશીયન તરીકે ભોજાયના ડો. કનક મોરી, હાડકાના રોગ માટે માંડવીના ડો. સંગીન ભુડીયા, જનરલ સર્જન તરીકે માંડવીના ડો. કોશિક શાહ અને ડો. મૃગેશ બારડ અને યુરોલોજીસ્ટ તરીકે માંડવીના ડો.હાર્દિક પંડયા એ નિ :સ્વાર્થ ભાવે સેવા આપેલ હતી. આ નિદાન કેમ્પ દરમ્યાન આંખના રોગના ૨૧૦, સ્ત્રી રોગના ૪૮, જનરલ રોગના ૨૪૫, દાંતના ૬૮, દર્દીઓએ લાભ લીધો હતો અને આ પ્રમાણે દર્દીઓની કુલ્લે સંખ્યા ૫૬૮ જેવી થયેલ હતી. ચશ્માના નંબર કઢાવવા માટે ૯૪ નામ નોધવામાં આવેલ છે. જેઓના તા.૧૦.૧૨.૧૭ના રોજ શ્રી ચંદ્રપ્રભ જૈન અતિથીભવન, નલીયામાં આંખના નંબર કાઢીને તેઓને મફત ચશ્મા આપવામાં આવશે. આ પ્રમાણે આંખના મોતિયાના ઓપરેશનમાટે ૨૫ નામો નોંધવામાં આવેલ છે. તેઓના શ્રી ભોજાય સર્વોદય ટ્રસ્ટ, ભોજાય ખાતે આંખના મોતિયાના ઓપરેશન કરી આપવામાં આવશે જેનો બધો ખર્ચ ટ્રસ્ટ દ્વારા ભોગવવામાં આવશે.જનરલ મોટા ઓપરેશનમાં સ્ત્રી રોગના ગર્ભાશયની કોથળીના દર્દીઓના ૬ નામ, અને અન્ય ઓપરેશન માટે ૪ નામ નોંધાયેલ હતા, તેઓના ઓપરેશન પણ ટ્રસ્ટ દ્વારા કરાવી આપવામાં આવશે. આ નિદાન કેમ્પ દરમ્યાન ડોકટરાએ દર્દીઓને નિદાન કર્યા બાદ અને પછી તેમની સલાહ સુચન મુજબ દર્દીઓને પુરા કોર્સની દવાઓ વિના મુલ્યે આપવામાં આવેલ હતી અને નિદાન કેમ્પના સ્થળે દર્દીઓને ચા - નાસ્તો આપવામાં આવેલ હતો.

આ નિદાન કેમ્પમાં મુખ્યત્વે ચશ્માની.ફ્રેમોનું અનુદાન શ્રી કાંતીલાલ સુખલાલ શાહ પરિવાર, ઘાટકોપર,મુંબઇ તરફથી, દર્દીઓ માટે કેમ્પ દરમ્યાન આપવામાં આવતા બિસ્કીટ માટેનું અનુદાન શ્રીમતી વિમલાબેન વર્ધમાન ખોના પરિવાર, ગોવંડી, મુંબઇ તરફથી, અને આ નિદાન કેમ્પ માટેની બધી સ્ટેશનરી શ્રીમતી નયનાબેન કેતનભાઇ મહેતા પરિવાર, તિલકનગર, મુંબઇ તરફથી મળેલ હતી.

નિદાન કેમ્પ માટે હંમેશ મુજબ નલીયા ( કચ્છ ) ના સ્થાનિક મંડળ '' શ્રી રામદેવ યુવક મંડળ'' દરજી સમાજ ના યુવકોએ નિસ્વાર્થભાવે સુંદર વ્યવસ્થા સંભાળેલ હતી. આ વખતે સ્થાનિક જ્ઞાતિભાઇઓ તથા કાર્યકરમાં શ્રી હીરાચંદભાઇ શાહ, શ્રી સોમચંદ મોતા, શ્રી લખમશીભાઇ મોતા, શ્રી કિરણભાઇ મોતા, શ્રી લલીતભાઇ ખોના, શ્રીમતી વિમલાબેન આસર, બેનશ્રી જયાબેન પીર, વગેરેએ સારી એવી સેવા આપેલ હતી. આ નિદાન કેમ્પ માટે ખાસ મુંબઇ તથા અન્ય ગામોથી પધારેલ મહાનુભાવોમાં શ્રીમતી વિમલાબેન ખોના, શ્રીમતી કલ્પનાબેન મોમાયા, શ્રીમતી વર્ષાબેન નાગડા, શ્રી રોનક નાગડા, બેન કોકીલાબેન ખોના, શ્રી કેતનભાઇ ખોના અને અન્ય કાર્યકર્તાઓ એ આ નિદાન કેમ્પને સફળ બનાવવામાં ખુબ જ જહેમત ઉઠાવેલ હતી.મુંબઇથી ખાસ પધારેલ કાર્યકરોમાં શ્રી અનિલભાઇ ખોના, શ્રી કેતનભાઇ મહેતા, શ્રીમતી નયનાબેન મહેતા, શ્રીમતી વીણાબેન નાગડા, બેન જાહન્વી મહેતા, શ્રીમતી સ્વાતિ નાગડા તથા ભુજથી શ્રી મામદભાઇ મણિયાર, શ્રી કારૂકભાઇ સુમરા અને આદીપુરના શ્રી કિશન નિઝાર વગેરેએ દર્દી ઓની અપાતી દવાનું સુંદર અને વ્યવસ્થિત રીતે વિતરણ કરેલ હતું. આ નિદાન કેમ્પ દરમ્યાન કચ્છ મોભી એવા મહાનુભાવોમાં શ્રી ભોજાય સર્વોદય ટ્રસ્ટના ટ્રસ્ટીશ્રી ભાઇલાલભાઇ ગાલા, સ્થાનિકમાં શ્રી હરેશભાઇ ઠક્કર, શ્રી નરેન્દ્રભાઇ મોમાયા, , શ્રી કિશોરભાઇ સોનાગેલા, શ્રી હરેશભાઇ આઇયા હાજર રહેલ હતાં. આ નિદાન કેમ્પની સફળતા માટે ટ્રસ્ટના ટ્રસ્ટીઓમાં શ્રી ઉપેન્દ્રભાઇ સુધાકર શાહ, શ્રી વિજય વર્ધમાન ખોના, શ્રી ચીમનલાલ હીરજી ખોના, શ્રી નરેન્દ્રભાઇ ભવાનજી દંડ, શ્રી ધનજીભાઇ લાલજી ખોના, શ્રી રૂપમભાઇ શાહ, શ્રી ચેતન માણેકચંદ્ર ખોના, શ્રી મનોજ મહેન્દ્ર શાહ અને શ્રી શાંતીલાલ નાગડા બે દિવસ પહેલા નલીયા - કચ્છ મધ્યે આવી ગયેલ હતાં અને સ્થાનિકે મેનેજર શ્રી પવનકુમાર સાયલાએ આ નિદાન કેમ્પનું સુંદર આયોજન અને સંચાલન કરેલ હતું.

આ નિ :શુલ્ક નિદાન કેમ્પને સારો પ્રતિભાવ મળેલ હતો. આ નિદાન કેમ્પને સફળતા પુર્વક પાર પાડવામાં દાતાઓનો પણ ખુબ જ સુંદર સહકાર સાંપડેલ છે. અમો આશા કરીયે છીએ કે ભવિષ્યમાં પણ કાર્યકર્તા તથા દાતાઓ તરફથી આવો જ સહકાર સાંપડેશે, આ બદલ ટ્રસ્ટના સર્વે ટ્રસ્ટીઓ આપ સર્વેના અંત :કરણ પુર્વક આભારી છે.

- વિજય વર્ધમાન ખોના, ટ્રસ્ટી, શ્રી ક. દ. ઓ. જૈન ( નલીયાવાસી ) મુંબઇ ચેરીટેબલ ટ્રસ્ટ, મુંબઇ.

## શ્રી કચ્છી દશા ઓશવાલ જૈન ( નલીયાવાસી ) મુંબઇ ચેરીટેબલ ટ્રસ્ટ

**: દાતાઓના નામની યાદી :**

| | | |
|---|---|---|
| ૧ | શ્રી રવજીભાઇ કરસન હાલાઇ, લંડન. યુ.કે. | રૂા.૧,૦૦,૦૫૧ |
| ૨ | શ્રી અનંતનાથજી મહારાજ જૈન દેરાસર અને તેના સાધારણ ફંડ, મસ્જીદ બંદર,મુંબઇ. | રૂા.૫૧,૦૦૦ |
| ૩ | શ્રી રાયચંદ હંસરાજ ધરમશી પરિવાર, વરલી , મુંબઇ. ( કચ્છ - સુથરી ) | રૂા.૫૧,૦૦૦ |
| ૪ | શેઠશ્રી નરશી નાથા ચેરીટી ટ્રસ્ટ ફંડ, મુંબઇ | રૂા,૫૦,૦૦૦ |
| ૫ | શ્રીમતી જસુબેન વનરાજ મોમાયા, લંડન. યુ.કે. | રૂા.૫૦,૦૫૧ |
| ૬ | શ્રી સમીરભાઇ ગણાત્રા, મે. કે. એમ. ગણાત્રા ની કું., ચેમ્બુર, મુંબઇ. | રૂા.૨૫,૦૦૦ |
| ૭ | શ્રી શાંતિદેવ સેવા સમિતી, મરીન ડ્રાઇવ, મુંબઇ | રૂા.૨૫,૦૦૦ |
| ૮ | શ્રીમતી વર્ષાબેન અનિલ નાગડા, મહાલક્ષ્મી, મુંબઇ | રૂા.૨૧,૦૦૦ |
| ૯ | શ્રી. ક. દ. ઓ. જૈન જ્ઞાતિ મહાજન નલીયા, નલીયા. કચ્છ. | રૂા.૨૧,૦૦૦ |
| ૧૦ | માતુશ્રી લીલબાઇ વસનજી મુલજી ખોના ચેરીટેબલ ટ્રસ્ટ, કોચીન / મુંબઇ | રૂા.૨૧,૦૦૦ |
| ૧૧ | શેઠશ્રી નરશીભાઇ જેઠાભાઇ ચેરીટેબલ ટ્રસ્ટ , મલકાપુર. મહારાષ્ટ્ર. | રૂા.૨૧,૦૦૦ |
| ૧૨ | શ્રીમતી જ્યોતિબેન ચીમનલાલ ખોના, માટુંગા, મુંબઇ. | રૂા.૨૧,૦૦૦ |
| ૧૩ | શ્રી જીતેન્દ્રભાઇ દેવશી ભાણજી ખોના, કોઇમ્બતુર, તામીલનાડુ. | રૂા.૧૧,૦૦૦ |
| ૧૪ | સ્વ.શ્રી મંગલભાઇ મુલજી દેવશી છેડા, સાયન, મુંબઇ. | રૂા.૧૧,૦૦૦ |
| ૧૫ | શ્રીમતી મનોરમાબેન રૂપમ શાહ ( મોમાયા ), ઘાટકોપર, મુંબઇ. | રૂા.૧૧,૦૦૦ |
| ૧૬ | શ્રીમતી કંકુબેન સુંદરજી મહેતા પબ્લિક ચેરીટેબલ ટ્રસ્ટ, ઘાટકોપર, મુંબઇ | રૂા.૧૧,૦૦૦ |
| ૧૭ | શ્રી નરેશભાઇ ભવાનજી મોમાયા, ઘાટકોપર, મુંબઇ. | રૂા.૧૧,૦૦૦ |
| ૧૮ | શ્રીમતી ચંદનબેન જાદવજી ધરમશી, ડોમ્બીવલી , ડી. કલ્યાણ. | રૂા.૧૧,૦૦૦ |
| ૧૯ | શ્રીમતી પલ્લવીબેન ચેતન ખોના, ગોરેગાંવ, મુંબઇ. | રૂા.૧૧,૦૦૦ |
| ૨૦ | સ્વ.બેન તૃપ્તિબેન આર. આશર, નલીયા, કચ્છ. ના સ્મણાર્થે | રૂા.૧૧,૦૦૦ |
| ૨૧ | શ્રી મોતીચંદભાઇ લાલજી ખોના, મુલુન્ડ, મુંબઇ | રૂા.૧૧,૦૦૦ |
| ૨૨ | શ્રી નરેન્દ્રભાઇ જયચંદ ડુંગરશી નાગડા, માટુંગા, મુંબઇ. | રૂા.૧૧,૦૦૦ |
| ૨૩ | માતુશ્રી કાન્તાબાઇ મુલજી રાઘવજી લોડાયા, દાદર, મુંબઇ. | રૂા.૧૧,૦૦૦ |
| ૨૪ | માતુશ્રી જયાબેન જવેરચંદ નરશી લોડાયા, અંધેરી, મુંબઇ. | રૂા.૧૧,૦૦૦ |
| ૨૫ | શ્રીમતી નૌકાબેન મયંક મોમાયા, બાંદ્રા , મુંબઇ | રૂા.૧૧,૦૦૦ |
| ૨૬ | શ્રી હિરાચંદ કુંવરજી ખોના, ડોમ્બીવલી, મહારાષ્ટ્ર. | રૂા.૧૧,૦૦૦ |
| ૨૭ | માતુશ્રી ઇન્દુમતીબેન વિરચંદ નારાણજી કાનજી નાગડા, હુબલી, કર્ણાટક. | રૂા.૧૧,૦૦૦ |
| ૨૮ | શ્રી બાબુલાલ ઉત્તમચંદ લાધાણી પરિવાર, માલવડા, રાજસ્થાન. | રૂા.૧૧,૦૦૦ |
| ૨૯ | માતુશ્રી મૃદુલાબેન પ્રબોધભાઇ ભટ્ટ પરિવાર, રાજકોટ. ગુજરાત | રૂા.૧૧,૦૦૦ |
| ૩૦ | અ. સૌ. વિજ્યાબેન કુંવરજી હરશી લોડાયા પરિવાર, ભાડુંપ, મુંબઇ. | રૂા.૫,૧૦૦ |
| ૩૧ | શ્રીમતી મંજુલાબેન દામજી મૈશેરી, ઘાટકોપર, મુંબઇ. | રૂા.૫,૦૦૦ |
| ૩૨ | માતુશ્રી પ્રેમલતાબેન વિરચંદ ધનજી નાગડા, ઘાટકોપર, મુંબઇ | રૂા.૫,૦૦૦ |
| ૩૩ | શ્રી શાંતીલાલ જીવરાજ નાગડા, માટુંગા, મુંબઇ. | રૂા.૫,૦૦૦ |

## શ્રી કચ્છી દશા ઓશવાલ જૈન ( નલીયાવાસી ) મુંબઇ ચેરીટેબલ ટ્રસ્ટ

: દાતાઓના નામની યાદી :

| | |
|---|---|
| ૩૪ શ્રી બદરૂભાઇ કરીમભાઇ બાગડીયા, કૌસા, મુમ્બ્રા. | રૂા.૫,૦૦૦ |
| ૩૫ શ્રી પ્રિતેશ - નિતેશ હિરાચંદ પટેલ, એરોલી, નવી મુંબઇ | રૂા.૫,૦૦૦ |
| ૩૬ શ્રી નિતીનભાઇ નરેશભાઇ શાહ, અમદાવાદ, ગુજરાત. | રૂા.૫,૦૦૦ |
| ૩૭ શ્રીમતી ભારતીબેન ભદ્રીચંદ દંડ, ડોમ્બીવલી, મહારાષ્ટ્ર. | રૂા.૫,૦૦૦ |
| ૩૮ શ્રી અરૂણભાઇ હીરાચંદ શાહ, વડોદરા, ગુજરાત. | રૂા.૫,૦૦૦ |
| ૩૯ શ્રીમતી અરૂણાબેન લક્ષ્મીચંદ મોમાયા, ડોમ્બીવલી, મહારાષ્ટ્ર. | રૂા.૫,૦૦૦ |
| ૪૦ શ્રીમતી ધનલક્ષ્મીબેન ચંદ્રકાન્ત લોડાયા, અમદાવાદ, ગુજરાત. | રૂા.૫,૦૦૦ |
| ૪૧ શ્રીમતી ચંદનબેન સાયલા અને શ્રીમતી ભારતીબેન લોડાયા પરિવાર, ડોમ્બીવલી. | રૂા.૫,૦૦૦ |
| ૪૨ શ્રી અતુલભાઇ ડુંગરશી ધરમશી, ડોમ્બીવલી, મહારાષ્ટ્ર. | રૂા.૫,૦૦૦ |
| ૪૩ માતુશ્રી ખેતબાઇ રાયશી સામંત મૈશેરી, ડોમ્બીવલી, મહારાષ્ટ્ર. | રૂા.૫,૦૦૦ |
| ૪૪ બેન જયાબેન એચ. પીર, નલીયા, કચ્છ. | રૂા.૫,૦૦૦ |
| ૪૫ માતુશ્રી હીરબાઇ ચત્રભોજ લોડાયા, અમદાવાદ, ગુજરાત. | રૂા.૫,૦૦૦ |
| ૪૬ શ્રી ગિરીશભાઇ માણેકજી નાગડા ( પટેલ ) , ડોમ્બીવલી, મુંબઇ. | રૂા.૩,૦૦૦ |
| ૪૭ શ્રી જયરાજ ધનપતી કાયાણી , ચેમ્બુર, મુંબઇ. | રૂા.૩,૦૦૦ |
| ૪૮ શ્રી ભરત ત્રિકમજી મહેશ્વરી, મુંબઇ. | રૂા.૩,૦૦૦ |
| ૪૯ શ્રી દિપકભાઇ વેલજી લોડાયા, ડોમ્બીવલી , મહારાષ્ટ્ર. | રૂા.૩,૦૦૦ |
| ૫૦ શ્રીમતી દેવકાંબાઇ અને શ્રીમતી હેમલતાબેન મૈશેરી, મુલુન્ડ, મુંબઇ. | રૂા.૩,૦૦૦ |
| ૫૧ સ્વ શ્રીમતી મહાલક્ષ્મીબેન પદમશી કેશવજી નાગડા, નલીયા, કચ્છ. | રૂા.૩,૦૦૦ |
| ૫૨ માતુશ્રી મુરબાઇ મુલજી છેડા, ડોમ્બીવલી , મહારાષ્ટ્ર. | રૂા.૩,૦૦૦ |
| ૫૩ શ્રી મધુકાન્તભાઇ લાલજી છેડા, સાંતાક્રુઝ, મુંબઇ. | રૂા.૩,૦૦૦ |
| ૫૪ શ્રી ગુલાબભાઇ લક્ષ્મીચંદ નાગડા, હુબલી, કર્ણાટકા. | રૂા.૩,૦૦૦ |
| ૫૫ શ્રી નાનજીભાઇ સુંદરજી સેજપાલ, મુલુંડ, મુંબઇ. | રૂા.૩,૦૦૦ |
| ૫૬ શ્રીમતી શોભાબેન કિરીટ શાહ, અંધેરી, મુંબઇ. | રૂા.૩,૦૦૦ |
| ૫૭ શ્રીમતી મધુરીબેન મેઘજી છેડા, નલીયા, કચ્છ. | રૂા.૩,૦૦૦ |
| ૫૮ શ્રી ચંદ્રપ્રભ જૈન અતિથીભવન, નલીયાના સ્ટાફ મેમ્બરો તરફથી | રૂા.૩,૦૦૦ |
| ૫૯ શ્રી શામજી દેવાણાંધ મોતા, લોનાવલા, મહારાષ્ટ્ર. | રૂા.૩,૦૦૦ |
| ૬૦ શ્રી નિકી દિનેશ મોતા, ડોમ્બીવલી , મહારાષ્ટ્ર. | રૂા.૨,૫૦૦ |

**માતુશ્રી વિમલાબેન વર્ધમાન ખોના, ગોવંડી, મુંબઇ. - દર્દી માટે બિસ્કીટના દાતા**

**શ્રી કાંતીલાલ સુખલાલ શાહ પરિવાર, ઘાટકોપર, મુંબઇ. - દર્દીઓ માટે ચશ્માની ફ્રેમના દાતા**

**શ્રીમતી નયનાબેન કેતન મહેતા, મુંબઇ. - મેડીકલ કેમ્પ માટેની સ્ટેશનરીના દાતા**

## પે ને ધીજો સંબંધ

અજ અસાંજે ઘરેં સોનેજો સુરજ ઉગ્યો
ધી (દિકરી) બાઈ પધાર્યા
અજ મુંજે ઘરમેં ફાગણમેં દિવાળી ઉજવાણી
ધીત મુંજી મેણીજી ચાગલી ભની વઈ
નેરીંધે નેરીંધે.. વડી થઇ વઈ
ઝબલા પેરીંધે પેરીંધે ફ્રોક પેરીંધી થઈ વઈ
રૂમમેં રમંધે રમંધે ઓસરી મેંજા ફરીએમેં રમંધી થઈ વઈ
હરેં હરેં કેજી, નર્સરી, સાતમી હાઇસ્કુલ પુરી કરે,
કોલેજ વેંધે વેંધે ઘરકામ મેં પાવરધી થઈ વઈ
પપ્પા કે હાણેં ચેંધા !
યોગ્ય મુરતીએજી તપાસ શરૂ થઈ વઈ

સારો ઘર ને સારો વર જી ઇચ્છા પુરી થઈ,
પપ્પા કે હાણેં થોડી નિરાંત થઈ વઈ,
ઢોલ ધ્રબુક્યા, શરણાઈયું વજયુંને વિંયાજીયું તૈયારી થઈયું
ધી કે કોરો કોરો દીબો ? લિસ્ટ લેખાણા,
ખરીદી શરૂ થઈ વઇ
કંકોત્રીયું લેખાણીયું, રૂડા મંડપ રોપાણા,
ગીત-સંગીત જી મહેફીલું થઈયું
પીઠી ચોળાણી. ધીજો મન ભારે થઈ વ્યો,
જન અચેજો ટાણું થ્યો.
જન અચી વઈ, મુંજી જાન (દિકરી) ગેનેલા
નાચગાન થ્યા, જેમણવાર શરૂ થ્યા,
કન્યા પધરાવો સાવધાન શબ્દ સોજાણાં
પેજી છાતી ધકધક થેલા મંડાણી.
કન્યા દાન દેવાણાં, ચોરી ફેરા ફેરાણાં,
વેવાઇ કે શાલ ઊઢાણી
હાણે આવઇ કસોટીજી ઘડી,
ધી, કાકા, મામા ફઇ, બેનપણીયું, ભા-ભાભી કે મેલઇ
ને પોય, ધીરે ધીરે પગલેં પપ્પા કે બખ ભરે મેલઇ
ને પપ્પાજી અખીંયે મેંજા, શ્રાવણ ભદ્રે જો જાણે મીં વસ્યો,
મરદ પે અજ ઢીલો થઈ વ્યો,
ધી કે વોરાયને પે અજ ઢગલો થઈ વઈ રહ્યો
ધી અજ માયતર જો ઘર છડે પેંઢજે ઘરેં વઈ
ઘરમેં શુન્યતા છવાઇ વઈ, ચકલી ઉડી વઈ
પપ્પા રોજ સવાર સાંજ ફોન કઇએં, પોય બે ચોથે ડીં,
પોય અઠવાડીએ, મેંણે, હરે હરે ધીજી યાદ ભુલાંધી વઈ
કેરક ધી કે ચોં, સમય કઢી રેલા અચ,
ત ચોંથી, મુંજે ઘરેં ઘણેં કમ પ્યા અંઇ વરી કેરક અચીંધીશ
ઇં ને ઇં ધી મુંજી પેંઢજે સંસાર મેં ખોવાઇ વઈ
પે ત યાદ કરે ને, વાર તહેવારે ધી કે
સોખડી હલાય ને રાજી થીએ
કહેવત અય ન ક,... દિકરી તો પારકી થાપણ કહેવાય
ધી ત પેજો શ્વાસ આય, જીં શ્વાસ ગેનીનેં છડણું પે તીં...
આંઘરે જે ટોકરેં કે જીવનભર યાદ કરીંધો રેણું પે
હી આય પે અને ધી જો સંબંધ..

**– શાંતિલાલ શામજી લાલકા,** હુબલી (વારાપધર)


| પ્રકાશ- સમીક્ષાના જાહેરાત દર + 5% GST | | | |
|---|---|---|---|
| પ્રકાર | સાઇઝ | કલર | બ્લેક/વ્હાઇટ |
| આખું પાનું | 160 x 225 mm | 9,000/- | 5,000/- |
| અડધું પાનું | 160 x 111 mm | 5,000/- | 2,700/- |
| પા પાનું | 77 x 111 mm | 3,000/- | 1,500/- |
| ૧/૮ પાનું | 77 x 54 mm | - | 800/- |
| ૧/૧૬ પાનું | 77 x 27 mm | - | 450/- |

ચેક C.D.O. PRAKASH SAMIKSHA SAMITI ના નામે લખવા

**જાહેરાત/લવાજમ ભરવા અમારી બેંક અકાઉન્ટની વિગત નીચે મુજબની છે.**

For NEFT Transfer
Type of Account : Saving
Account Number : 004003000002
Name of the Bank : Shri Arihant Co-op Bank Ltd.
Branch : Chinch Bunder, Mumbai - 400 009.
IFSC Code : ICIC00ARIHT (after ICIC it is zero zero)
MICR Code : 400800005
Name of the Account: Shri C D O Prakash Samiksha Samiti
For Mobile App Transfer
Our MMID Code : 8359011
You must write/mail separate letter giving payment reference number, amount and date of transfer.
For old subscribers-Just give your Subscription Number.
For New Subscribers - Give full residence address with native village (Kutch Halar).
જાહેરાત / લવાજમ મોકલ્યા પછી બેન્કનો રેફરન્સ નંબર, રકમ તથા તારીખની વિગત અલગથી મોકલવી.
જુના ગ્રાહકોએ ફક્ત ગ્રાહક નંબર મોકલવો.
નવા ગ્રાહકોએ હાલનું પૂરું સરનામું પોતાના (કચ્છ-હાલાર)ના ગામ સાથે લખી મોકલવું.
For Cheque Payment
Draw your cheque in the name of
**"Shri C D O Prakash Samiksha Samiti"** and payable at par at Mumbai.
ચેકથી જાહેરાત/ લવાજમ ભરનારાઓને ચેક
Shri C D O Prakash Samiksha Samiti નાં નામથી મોકલવો.
ચેક at par મુંબઈ હોવો જોઈએ.



**લગ્નસરાની સાડીઓમાં કેડીઓ જ્ઞાતિનું વિશ્વસનીય નામ**

# અવસર સારીઝ

* સાચી/ટિસ્ટેડ કસબ અને જીંક કસબ સાડીઓ, ચણીયા ચોલી.
* રીયલ/ટિસ્ટેડ ઘરચોળા, બોર્ડરો, પાનેતર, બાંધણીઓ તથા ફેન્સીવર્ક સાડીઓ

૧ રૂપલ અપાર્ટમેંટ, દાદાસાહેબ ફાળકે રોડ, સાધના હોટલની સામે,
દાદર (ઈસ્ટ), મુંબઈ-૪૦૦ ૦૧૪. ફોન : 022-24164239
સંપર્ક : દિનેશ દેઢિયા - 92234 25676

**આદ્યતંત્રીઓ**
**''પ્રકાશ''**
ડૉ. વેલજી પાશ્વીર ગોસર
**''સમીક્ષા''**
સનત્ શાહ અને
ગોવિંદજી જીવરાજ લોડાયા
**''પ્રકાશ સમીક્ષા''**
સનત્ શાહ

**: તંત્રી :**
રાયચંદ આર. નાગડા

**સમિતિ સભ્યો**
કિરીટ લક્ષ્મીચંદ લાપસીયા
રાયચંદ રતનશી નાગડા
શરદ કાંતિલાલ શાહ (નાગડા)
કેશરસિંહ આણંદજી ખોના
તિલકચંદ કુંવરજી લોડાયા
કિરીટ ખેતશી મુનવર
કાશ્મીરા વિરેન્દ્ર લુઠીયા
હિરાચંદ દામજી દંડ
પંકજ પ્રતાપ શાહ
શૈલેશ સનત્ શાહ
જયંત વિશનજી છેડા
મુકેશ ભવાનજી લોડાયા
ઉદયન લાલજી શાહ

**અંક નં. 51/2017**

**: કાર્યાલય :**
પોસ્ટ/કુરીઅર પત્રવ્યવહાર માટે સરનામું
**C/o. Shri R. R. Nagda,**
**Advocate High Court**
29/41, Tamarind Lane,
Behind Poornima Rest.,
Rajabahadur Comp,
Nr. Stock Exchange Bldg.
Fort, Mumbai - 400 001

**સમય :** બપોરે ૧ થી ૪ ફક્ત
શનિ./રવિ. અને જાહેર રજાના બંધ

ચાલુ અંક માટે મેટર
સ્વીકાર માત્ર બુધવાર સુધી

**: જાહેરાત સંપર્ક :**
મુકેશ ભવાનજી લોડાયા
**022-2508 4463/64/65**

પ્રકાશ-સમીક્ષા હવે નેટ પર....
www.prakashsamiksha.com
E-mail : kdoprakash@gmail.com

નોંધ : આ પત્રમાં પ્રકાશિત થતા લેખકોના સ્વતંત્ર અભિપ્રાય/મંતવ્યો સાથે તંત્રીમંડળ સહમત જ છે એમ માનવું નહીં. તેમજ આરોગ્યને લગતા લેખો કે કોઇ જાહેરાતોમાં કરવામાં આવતા દાવાઓ/વિધાનો અંગે પ્રકાશ-સમીક્ષા સમિતિની કોઇ જવાબદારી નથી.

## પ્રાર્થના સભા... કોઈ પહેલ કરશે કે ?

**– શાંતિલાલ શામજી લાલકા,** હુબલી (વારાપધર)

પ્રાર્થના સભા અંગે વિચારવા જેવા ઘણાય પ્રશ્નો છે જે બાબત પ્રકાશ પાડવાનો પ્રયત્ન કર્યો છે. શું શક્ય નથી ?

પહેલાના જમાનામાં મૃત વ્યક્તિના સંબંધીઓ – સાદડી ૧૨ દિવસ પછી માસીઓ, છમાસી, વરસી આમ વર્ષભર સંતાપ સુચવતા. ધીમે ધીમે આ પ્રથામાંથી મુક્તિ મેળવતાં આપણે મૃત વ્યક્તિનો સંતાપ ત્રણ જ દિવસમાં જ પ્રાર્થના સભાનું આયોજન કરી પુર્ણ કરવા સુધી તો આવ્યા. તો કેટલાક ૧૨ નવકાર ગણી લેવા અને લૌકિક વ્યવહાર બંધ છે. આવા સુચનો અપનાવતા થઈ ગયા, પરન્તુ હજુ પણ પ્રાર્થના સભાઓનું આયોજન તો ચાલુ જ છે.

આજે પ્રાર્થના સભાનું આયોજન એટલું સરળ નથી. પહેલાં તો હોલના ભાડા અને તેનું બુકિંગ. બહાર જોડા (પગરખા) સાચવનારનું મહેનતાણું, પ્રાર્થના ગીતો ગાનાર પાર્ટીનું મહેનતાણું, ત્યારબાદ સુત્ર લાશવવાની ક્રિયા નિમિત્તે નાસ્તાનું આયોજન. એકંદરે ૧ કલાકની પ્રાર્થના પાછળ ૬૦/૭૦ હજારથી લઈને લાખેક રૂપીયાનો ખર્ચ.

જ્યારે બીજી બાજુ...

વ્યવહાર સાચવવા ખાતર બહારગામથી આવતી વ્યક્તિને પણ વ્યક્તિ દીઠ બેથી પાંચ હજારનું નાહી લેવાનું અને રેલ્વે રીઝર્વેશન ન મળીતો બસ કે ટેક્ષી દ્વારા પણ પહોંચવું જ રહ્યું નહીં તો ખરાબ લાગશે. આવી માનસિકતામાં જીવતા આપણા જ્ઞાતિભાઈઓ વૃધ્ધાવસ્થાના આરે આવવા છતાં જવું પડે છે, કારણ બાળકને સમય નથી કારણ તેઓ એવી મોટી મોટી કંપનીઓમાં કામ કરે છે કે તેમને રજા મળવી મુશ્કેલ હોય છે અને ઘણા એવા બાળકો તો વિદેશોમાં નોકરી કરે છે. બાળકો વડીલોને જ આગ્રહ કરે છે કે તમે નવરા છે તો આવા વ્યવહારો તમે સાચવી લો તો સારૂં. આમ મૃતાત્માની પ્રાર્થના પાછળ કેટલાને સહન કરવાનું ?

જન્મ તેનું મરણ નિશ્ચિત જ છે. અને એ દરેકના જીવનમાં આવવાનું જ છે. જેમ જન્મ વખતે આપણે દૂર બેઠાં ફોન કે અન્ય સાધનો દ્વારા ખીર વધાઈ આપીએ છીએ તો મૃત્ય પ્રસંગે પણ આવા સાધનો દ્વારા શોક સંદેશ પાઠવી સાંત્વના ન આપી શકીએ ?

આ રીત અપનાવવાથી દરેકના સમયનો બગાડ થતો અટકશે અન્ને આ પ્રથા પાછળ થતા અઢળક ખર્ચાનો બચાવ અને હાડમારીમાંથી મુક્તિ મળશે. તેના બદલામાં મૃતાત્માની શ્રધ્ધાંજલિ રૂપે કોઈ શૈક્ષણિક સંસ્થા, જીવદયા, સાધર્મિક ભક્તિના ફાળામાં કે કોઈ ગરીબ જ્ઞાતિજનની માંદગી પ્રસંગે એને યોગ્ય ફાળો આપી કૃતાર્થ થઈએ તો કેવું સારૂં ! દરેક મહાજનશ્રીઓને વિનંતી કે આ વિષયની અગત્યતા જાણી, મહાજનશ્રીની સભામાં ચર્ચા વિચારણા કરી પ્રાર્થનાસભાનું આયોજન કોઇએ કરવું નહી એવો ઠરાવ પસાર કરે. એવી કોઈ પહેલ કરશે કે ? આશા અસ્થાને નહીં ગણાય..

### સ્પષ્ટતા

'પ્રકાશ-સમીક્ષા'ના અંક નં. ૪૯માં 'ચર્ચાના ચોતરે' વિભાગમાં ''ભાંડુપમાં આદિનાથ જિનાલયનું સ્થળાંતર'' શીર્ષક હેઠળ ''એક ભાંડુપવાસી''ના ઉપનામથી પ્રગટ થયેલ ચર્ચાપત્રના લેખક તરિકે કેટલાક વર્તુળોમાં શ્રી લહેરચંદ વેલજી મૈશેરી (ભાંડુપ)નું નામ લેવાય છે તથા તેમની સામે બીનપાયાદાર આક્ષેપો થઈ રહ્યા છે તે યોગ્ય નથી. આ અંગે સ્પષ્ટતા કરવાની કે ઉપરોક્ત ચર્ચાપત્ર અન્ય જ્ઞાતિજન દ્વારા લખાયેલ છે. લહેરચંદભાઈ છેલ્લાં ૫૪ વરસથી 'પ્રકાશ-સમીક્ષા' સાથે તેમની આગવી કલમ દ્વારા અને પ્રતિનિધિ તરિકે સાતત્યપૂર્વક સંકળાયેલા છે તેથી આ સ્પષ્ટતા જરૂરી બની છે. **– તંત્રી**

## અને શ્રેષ્ઠ દંપતિનો એવોર્ડ મળે છે..... - **લીના હિરેન લોડાયા**, વડોદરા (વરાડીયા)



**વનિતા વિશ્વ**

સાચુકલી જીંદગી નાં સાવ સાચુકલા જીવો! એક દંપતિ! ચાલો પહેલા નામકરણ વિધિ કરીયે. ઝરણા બેન અને સરલભાઈ નામ ઠીક રહેશે. હવે આમને ''બેસ્ટ કપલ'' માનવાનું કારણ શું.!? શું એ...

૧) દેખાવમાં સુંદર હતા..!? - જવાબ છે ... સાધારણ !

૨) ફેશનેબલ હતા..!? - જવાબ છે ... જરાય નહીં !

૩) ભણેલા..!? ... ચાર ચોપડી !

૪) અમીર..!? ... જરાય નહીં !

૫) સમાજમાં આગળ પડતા!? ... સવાલ જ નથી !

૬) નવરાત્રી માં ગરબા સરસ રમતા..!?- '' No way!

(હા.. હા.. હા.. મને ખબર છે કે તમેં મનમાં બોલો છો કે ''come on Leena..! હવે તારી પારાયણ માંડ'') તો ઝરણા બેન અને સરલભાઈ એટલે આજ થી ૨૫-૩૦ વરસ પહેલાંનું પ્રૌઢ ગુજરાતી કપલ જોઈ લો. નાનપણ માં પાડોશી હોવાનાં નાતે બહુ નજીકથી એમનાં જીવન ને જોવાનો અને જાણવાનો અવસર મળ્યો. એક નાનકડા રૂમ અને રસોડામાં આ બન્ને પોતાનાં ત્રણ બાળકો સાથે રહેતા. આર્થિક સ્થિતી સાવ સાધારણ. ભાઈ એક દુકાનમાં નોકરી કરતા અને બેન ખાખરા બનાવી ને વેચતા. સ્વભાવિક છે કે કામવાળા પોસાય નહીં એટલે બધું કામ તેઓ હાથે કરતા. હજી ''અંકલ અને આંટી'' બોલાવાનો જમાનો નહોતો આવ્યો ગુજરાતી સર્કલમાં એટલે અમે છોકરાઓ એમને કાકા અને માસી કહીને સંબોધતા.

વહેલી સવારથી એ લોકોની દિનચર્યા શરૂ થતી. માસી નાસ્તા અને રસોઈ બનાવે અને કાકા છોકરાઓને નવડાવી-ધોવડાવી, તૈયાર કરી સ્કૂલ મોકલે. અને પછી પોતે ન્હાવા જાય ત્યારે પૂરા પરિવાર નાં કપડા હાથે ધોઈ લે. (બાથરૂમ બહારની તરફ હતો એટલે મને અને બધાને આ વાતની ખબર હતી) પછી કાકા ટીફીન લઈને કામે જાય અને માસી ખાખરાના કામમાં લાગે. કાકા કામેથી આવીને કોઈ મોટો ઑર્ડર હોય તો એની ડીલીવરી આપવા જાય. આવુ બન્નનું સરસ સાયુજ્ય !

સ્ત્રીઓ ઘર ચલાવવા પુરૂષો ને આર્થિક રીતે સપોર્ટ કરે એ તો કાંઈ નવી વાત નથી. પણ એક પુરૂષ ઘરકામમાં આટલો સહયોગી થાય અને એ પણ કર્તાપણાનાં કાંઈ ભાર વિના એકદમ સહજતાથી... એ, આપણા ભારતીય સમાજમાં ખાસ કરીને, મોટી વાત છે. ઘરનું કામ, સ્પેશિયલી કપડા-વાસણ-રસોઈ-સફાઈ કરવાથી પુરૂષોની જાણે મર્દાનગી ઓછી દેખાતી હોય એવુ આપણું વલણ છે. પુરૂષો તો શું સ્ત્રીઓ પણ આ વાતનું ગૌરવ લેતી હોય છે કે ''મારા 'એ' તો એક પાણીનો ગ્લાસે પોતે ન ભરે''! ઉપર-ઉપરથી ફરીયાદ નોં tone રાખી અંદર થી ગૌરવ લેતી હોય. અને જેઓ થોડું-ઘણુ કામ કરતા પણ હોય તેઓને સમાજ ટીખળ નો વિષય બનાવે છે.

માસી અને કાકાનું મિત્ર વર્તુળ અને ગ્રાહકો બધા ''અપર-મિડલ ક્લાસ'' તથાં ઘણી વાર પુરૂષો કાકા ની ''કેમ સરલભાઈ.. કપડા ધોઈ લીધા કે ?'' જેવું બોલી ને એમની ટીખળ કરતા. પણ કાકા તો એ જ હસતું મોઢું રાખી સરળતાથી ''હા'' કરીને જવાબ આપતા. કોઈનીય મજાક-મશ્કરી એમનાં જીવનનાં આવા શાંત પાણીમાં કાંકરીચાળો કરીને વલયો ન સર્જતી. એજ રોજની ઢબ પ્રમાણે સરળતાથી, સંતોષથી જીવન ચાલતું. છોકરાઓ મોટા થતા એ પણ શ્રમમાં સહકાર આપતા.

ઉમર થતા માસી માંદા પડ્યા. હલન-ચલન પણ અશક્ય થયું. કાકાએ અને સંતાનોએ ભરપૂર સેવા કરી. કોઈ વાતે એમને ઓછું ન આવવા દેતા.

આજે સંતાનો બધા પરણી ગયા છે. કાકા અને માસી ગુજરી ગયા છે. પણ મારા નાનપણની એમની આ સ્મૃતિ મારા મન પર છાપ મુકી ગઈ. ખાસ કરીને કાકાનું વર્તન. કોઈ દિવસ એમણે સમાજ શું કહેશે અને સાથીદારો ટોણાં મારશે એની પરવા કર્યા વિના પરિવાર માટે એમની આવી કઠણ પરિસ્થિતિયોનોં સામનો કેવી સશક્ત રીતે કરવો, એ જ વિચાર્યું. એમણે વગર કાંઈ કહે ''સુનો સબકી ઔર કરો અપની'' નો દાખલો એવું જીવન જીવીને દેખાડ્યો.

પતિ પત્નિ બન્નેમાંથી કોઈકમાં વ્યવહારિક જ્ઞાન અને સમજ વધારે હોય તો કોઈકમાં વ્યવસાયિક સમજ ઓછી હોય. એ બન્નેનો સરખો તાલમેલ બેસાડીને ઘરની વ્યવસ્થા સુચારૂ રૂપે ચાલવી જોઈએ એ જરૂરી છે. ''ઘરમાં કોનું વધારે ચાલે છે!!?'' એ બહુ ક્ષુલ્લક અને બિનજરૂરી વાત છે.

આ કાકા મેચો મૈન (Machoman) ની વ્યાખ્યામાં ક્યાંય ફિટ ન બેસતા અને નાનપણમાં મારી એટલી સમજ પણ ન હતી (હા.. નિરીક્ષણ કરવાની આદત જરૂર હતી.) પણ આજે વિચારૂં છું કે ''પુરૂષત્વ''ની ખરી વ્યાખ્યા શું?.. તો મારી વ્યાખ્યા છે કે... ''બાહ્યરૂપે શરીર સૌષ્ઠવ સારૂં અને સ્વસ્થ હોય એ પૌરૂષ ની બાહ્ય નિશાની..!! અને પુરૂષત્વનું આંતરિક સ્વરૂપ એટલે પોતાનાં અને પોતાનાં પરિવાર માટે જે માર્ગ ઉપયુક્ત અને સાચો હોય એનાં પર સમાજમાં સાધારણરૂપે ચાલતા વહેણથી વિરૂધ્ધ જઈનેં પણ ચાલવાની હિમ્મત રાખવી અને દાખવવી..'' અને મારી નજરે આ વ્યાખ્યામાં કાકા ખરા ઉતર્યા.

આખર માં... ક્યાંક વાંચેલુ યાદ આવે છે.. ''પ્રેમ એટલે બન્નેં એક બીજાની આંખોમાં જુએ એ જ નહીં.. ખરો પ્રેમ એટલે બન્નેની નજરો એક જ દિશા અને લક્ષ્ય તરફ જુએ અને એ તરફ સાથે કદમ મિલાવી ને આગળ વધે.. એ છે..!!''


**શ્રી મહાવીર એમ્બ્રોઈડરી**

માટુંગા. ફોન : 2402 5070 / 86522 39537

• સાચી / ટેસ્ટેડ જરીની સાડીઓ / બોર્ડરો

• રેસમવર્કના ફેન્સી ચ. ચોલી • રેડીમેઈડ ફેન્સી કુર્તીઓ

• ભારે પાનેતર • પારસી હાથ અને મશીનની સાડીઓ

• એમ્બ્રોઈડરી મેઈક ટુ ઑર્ડર

સોમવાર બંધ

|| શ્રી અનંતનાથાય નમઃ ||

# કેડીઓ ક્લાસિક ફાઉન્ડેશન KDO CLASSIC FOUNDATION

Trust Reg. No.: 32088 (Mumbai)

C/O. DOSTI REALTY LTD., LAWRENCE & MAYO HOUSE, 276, D. N. ROAD, FORT, MUMBAI - 400 001.
PHONE : 2219 8500 FAX : 2205 5566 E-MAIL : kdoclassic.foundation@gmail.com

**કેડીઓ કલાસિક ફાઉન્ડેશન** છેલ્લા ૨૦ વર્ષથી જ્ઞાતિજનો માટે વૈદકિય અભિયાન (૧) ''**પ્રથમ દષ્ટી (આંખ) અભિયાન**'', (૨) ''**ENT (કાન–નાક–ગળા) અભિયાન**'', (૩) ''**દાંત અભિયાન**'' અને (૪) કચ્છના જ્ઞાતિજનો માટે **બિદડા હોસ્પીટલમાં** ''**પ્રથમ દષ્ટી (આંખ) અભિયાન**'' ચલાવે છે. (૫) આ ઉપરાંત ૨ વર્ષથી કચ્છના વિદ્યાર્થીઓ માટે **વિરાયતન વિદ્યાપીઠમાં** અભ્યાસ કરવા ''**જ્ઞાન અભિયાન**'' ચલાવે છે.

## ''ડાયાબીટીસ અભિયાન''

વિશ્વમાં ભારત ''**ડાયાબીટીસની રાજધાની**'' ગણાય છે. ભારતમાં ૬ કરોડથી વધુ ડાયાબીટીસ (મધુપ્રમેહ)ના દર્દી છે. આપણી જ્ઞાતિમાં પણ ઘણા જ્ઞાતિજનોને ડાયાબીટીસની તકલીફ છે. આને ધ્યાનમાં રાખી **કેડીઓ કલાસિક ફાઉન્ડેશન**એ એનો નવો છઠ્ઠો (૬) અભિયાન ''ડાયાબીટીસ અભિયાન'' શરૂ કરેલ છે.

''**ડાયાબીટીસ અભિયાન**''નો લાભ લેનાર જ્ઞાતિજનની ડાયાબીટીસ સ્પેશ્યાલિસ્ટ ડોક્ટરની કન્સલ્ટેશન ફી તથા ડાયાબીટીસ માટે નિયમિત જરૂરી સર્વ ટેસ્ટનો ખર્ચ **કેડીઓ કલાસિક ફાઉન્ડેશન** ચુકવશે તથા ડાયાબીટીસ ડોક્ટરે લખી આપેલ દવા રાહતના દરે અપાવશે.

**ડાયાબીટીસના લક્ષણ : ૧. અતિશય તરસ લાગવી, ૨. અતિશય ભૂખ લાગવી, ૩. વારંવાર પેશાબ કરવા જવું પડે, ૪. પેશાબના ટ્રેકમાં અવારનવાર ઈન્ફેકશન થવું. ૫. ધુંધળું દેખાવું, ૬. વધુ ઊંઘ આવવી, ૭. થાક અનુભવવો, ૮. વધુ પડતું વજન હોવું, ૯. એકદમ વજન ઘટી જવું, ૧૦. હાથ પગમાં ખાલી ચડવી કે ઝણઝણાટી થવી, ૧૧. પગમાં CRAMP પડવા, ૧૨. પગમાં ઈન્ફેકશન થવું, ૧૩. ઘા પર રૂઝ ન આવવી, ૧૪. તણાવ, ૧૫. વારસાગત – આપના નજદીકના (માતા–પિતા) કુટુંબીજનને ડાયાબીટીસ હોય.**

જો આપને આમાંથી કોઈપણ સમસ્યા બે સપ્તાહ કે તેથી વધુ સમયથી હોય યા આપને ડાયાબીટીસ હોય તો તુરંત અમારા **ડાયાબીટીસ અભિયાન**નો જરૂરથી લાભ લેવા આપને ખાસ ભલામણ છે.

ભારતમાં ગમે તે ગામમાં વસતા જ્ઞાતિજન અમારા ઉપર દર્શાવેલ ૬ અભિયાનમાંથી કોઈપણ અભિયાનનો લાભ લઈ શકે છે. આપને અમારા ઉપર દર્શાવેલ ૬ અભિયાનમાંથી કોઈપણ અભિયાનનો લાભ લેવો હોય તો આપનું પુરું નામ - પુરું સરનામું અને અમારા ક્યા અભિયાનનો આપને લાભ લેવો છે તે પત્રમાં લખી ઉપર દર્શાવેલ અમારા સરનામે અમને પત્ર મોકલાવી આપશોજી તો આપને ઘર બેઠાં સર્વ માહિતી મળી જશે.

આપને વધુ કંઈ માહિતી જોઈતી હોય તો ઉપરના સરનામે/ટેલીફોન પર વિના સંકોચે આપ અમારો સંપર્ક કરી શકો છો.

**ખાસ નોંધ :**


**અમે કેન્સર પર એક નવો જ અભિયાન શરૂ કરવાના છીએ. જેને આખરી સ્વરૂપ આપવા કેન્સરના નિષ્ણાત ડૉક્ટર્સ સાથે અમે સલાહ મસલત કરી રહ્યા છીએ.**

**નવા/બદલાયેલા સરનામા/ફોન –** (પુરું નામ અને નવું સરનામું મોકલવાની સાથે જુનું રદ કરવાનું સરનામું અવશ્ય જણાવવું)

| | |
|---|---|
| **રમેશ રાયચંદ લોડાયા** (PS 2949) | શેઠ શ્રી હંસરાજ લધા હિન્દુ અપંગ આશ્રમ, સિટી આર્કેડની સામે, તીન બત્તી રોડ, જામનગર - ૩૬૧ ૦૦૧. ફોન: ૦૨૮૮-૨૬૬૨૪૦૨ મો.: ૯૨૭૫૧ ૬૮૫૦૯ |
| **ચંદ્રકાંત લક્ષ્મીચંદ લોડાયા** (PS 5414) | એલ-૯૦૩, દર્શનમ સેંટ્રલ પાર્ક, હૉટેલ સૂર્યા પેલેસ પાસે, સયાજીગંજ, વડોદરા - ૩૯૦ ૦૨૦. મો. : ૯૮૮૫૧ ૦૧૫૬૯ |
| **સુરેશ ચત્રભુજ ખોના** (PS 2198) | ૩૦૨, સરકાર કૉર્નર, વીરા દેસાઈ રોડ, આઝાદ નગર મેટ્રો સ્ટેશનની સામે, ગાર્ડન કોર્ટ રેસ્ટૉરેન્ટની ઉપર, અંધેરી (વેસ્ટ), મુંબઈ - ૪૦૦ ૦૫૮. મો. સુરેશ : ૯૧-૮૮૭૯૪ ૨૯૯૯૫, ભાવના : ૯૧-૮૮૭૯૪ ૨૯૯૭૯ |
| **શ્રીમતી પુષ્પા મહેન્દ્ર લોડાયા** (PS 2744) | ૨૨, મહાવીર કૃપા કો.હા.સો., મહારાણા પ્રતાપ રોડ, નારાયણ નગર, ભાયંદર (વેસ્ટ) - ૪૦૧ ૧૦૧. મો. નિમેશ : ૯૬૧૯૧ ૬૩૫૩૬ |
| **ગુલાબ પ્રતાપ દંડ** (PS 3049) | એ-૨૦૩, અંબર ધારા, તુકારામ નગર, ડોમ્બીવલી (ઈસ્ટ) - ૪૨૧ ૨૦૧. મો. : ૦૯૮૭૦૦ ૯૬૧૬૭ |

## ધર્મસંદેશ - ૧૧૩

રચયિતા : જયકાંત મોતા - ઘાટકોપર (તેરા) ૯૮૧૯૬ ૨૮૩૮૨





**આડી ચાવીઓ -**

[૧] દેરાસરને શણગારવાની એક સામગ્રી (૪) ; [૩] — પ્રભુ રીઝવવા ભાવના કરે (૩) ; [૫] શ્રી મોતીસાગરજી મહારાજ કોણ છે ? (૨) ; [૬] આ ગામના ગઢ ઉપર શાંતિનાથ દાદાનું જિનાલય આવેલ છે (૩) ; [૭] બધા — મેળવવા ધર્મ કરે (૨) ; [૧૦] આબુ પાસે આવેલ એક તીર્થ (૫) ; [૧૧] — મુખજી એટલે ચાર પ્રતિમા દરેક દિશામાં (૧) ; [૧૨] પ્રથમ ગુણ સ્થાનક (૩); [૧૩] પાકી દિક્ષા (૨) ; [૧૪] બ્રાહ્મી સતીની માતા (૪) ; [૧૭] સુંદર એ સાંઈઠ હજાર વર્ષ સુધી આ તપ કરેલ (૪) ; [૧૯] મહાવિદેહ ક્ષેત્ર ના — વિહરમાન (૨) ; [૨૦] — હાનિકા મહિત્સવ (૧) ; [૨૧] દાન કરવા યોગ્ય ક્ષેત્રો (૨) ; [૨૩] ઇશ્વર (૨) ; [૨૪] આ તીર્થમાં સાસુવહુના દેરા છે (૨) ; [૨૮] પૂના પાસે ડુંગર ઉપર આવેલ તીર્થ (૩) ; [૨૯] પયુર્ષણ એ જૈનોનું મહા— છે(૨) ; [૩૦] ૧૦૮ પાર્શ્વનાથમાંના એક (૭) ; [૩૧] — રે મારા પ્રભુજીને શોભતી (૩) .

**ઊભી ચાવીઓ -**

[૧] નાકોડા તીર્થના પ્રખ્યાત દેવ (૬) ; [૨] પાવાપુરીમાં દર દિવાળી એ આ ઝુલે છે (૨); [૩] ફાગણીમાં શત્રુંજય ઉપર આ — ડુંગરની પ્રદક્ષિણા કરાય (૩) ; [૪] ૨૪ મા તિર્થંકર નું એક નામ (૨) ; [૫] ગોમુખ એ આદિનાથના — છે (૨) ; [૮] દેરાસરને શણગારવાની સામગ્રી (૩) ; [૯] કોઇ પણ પદાર્થનું અસલ સ્વરૂપ (૨) ; [૧૨] નમિનાથનું જન્મ સ્થાન (૩) ; [૧૪] ૧૬ સતીમા સૌથી વધુ પુણ્ય કોના હતા (૩) ; [૧૫] આ ચાર છે (૨) ; [૧૬] માનવ સિવાયના હાલતા ચાલતા પંચેન્દ્રીય સુધીના જીવો (૨) ; [૧૮] વિજય — (૨) ; [૧૯] ઇશ્વર (૨) ; [૨૨] પ્રવાહી વસ્તઓ લેવા માટેનું પાત્ર (૪);


**ઊભી ચાવીઓ -**

[૨૩] એક જ્ઞાન જેનાથી વિશેષ જાણી શકાય (૨) ; [૨૪] પૂના પાસે ડુંગર ઉપર આવેલ તીર્થ (૩) ; [૨૫] જય (૩) ; [૨૬] આના વગરનું તપ નકામું (૩) ; [૨૭] શત્રુંજય ઉપર આની નીચેથી પસાર થવાથી મોક્ષ મળે એવી માન્યતા છે (૩) .

**(ઉકેલ અન્યત્ર)**

# લાગ રહી યે હી રટના, પિયા કબ ઘર આવે !

– ડૉ. શરદ ઠાકર



૧૯૮૦ની ઘટના. તત્કાલીન વડાપ્રધાન શ્રીમતી ઈન્દિરા ગાંધીના પુત્ર સંજય ગાંધીનું વિમાન હોનારતમાં મૃત્યુ થયું. તે સમયે ટી.વી. હજુ દેશવ્યાપી થવાને પાંચેક વર્ષની વાર હતી. રેડિયો પર મૃતાત્માને અંજલિ આપતા કાર્યક્રમો, સમાચારો અને વધેલા સમયમાં કરુણ શરણાઈવાદન તેમજ દેશના દિગ્ગજ શાસ્ત્રીય ગાયકોના કંઠેથી ભજનો પ્રસારિત થતાં હતાં.

પ્રણવ નામનો છોકરો. બાર વર્ષની ઉંમર. એના કાનમાં એક 'ચીજ' પડી ગઈ. ભારતના એક સુપ્રસિદ્ધ ગાયક એમના કેળવાયેલા કંઠમાંથી રાગ ભૈરવીની આ બંદિશ પ્રસ્તુત કરી રહ્યા હતા, 'મેરો અલ્લાહ મહેરબાન, કોઈ બિગાડ સકત નહીં તેરો. મત લિજે તૂ ઠાન. મેરો અલ્લાહ મહેરબાન.'

પ્રણવે એની મમ્મીને પૂછ્યું, 'મમ્મી, આ અવાજ કોનો છે?' મમ્મીએ રોટલી વણતાં જવાબ આપ્યો, 'આ ગાયકનું નામ પં. જસરાજ છે, બેટા. એમનું ગળું એટલે શાસ્ત્રીય ગાયકીનું કાશી! જેને ન સમજાય એને મન આ બધું રાગડા જેવું ગણાય, પણ જેને શાસ્ત્રીય સંગીતમાં રસ અને સમજણ હોય તેને મન તો માનવજન્મ મળ્યો એનું અંતિમ સાફલ્ય એટલે પંડિતજીની ગાયકી!'

પ્રણવનાં મમ્મી આવું કહી શક્યાં એનું મુખ્ય કારણ એ કે એમને પોતાને શાસ્ત્રીય સંગીતની સૂઝ અને સમજ હતી. આ શોખ એમને પિયરમાંથી વારસામાં મળ્યો હતો. પ્રણવનાં નાના-નાની, મામા-મામી આ બધાં આખો દિવસ પોતાનું કામ કરતાં કરતાં રેડિયો સાંભળતા રહે, પણ સાંભળવામાં માત્ર ક્લાસિકલ મ્યુઝિક જ! પ્રણવ વેકેશનમાં એના મોસાળમાં રાજકોટ જાય તો વિસ્મયપૂર્વક જોયા જ કરે. મામાના ઘરમાં સૌથી વધુ જગ્યા શાસ્ત્રીય સંગીતના રેકોર્ડ્ઝ અને ઓડીયો કેસેટ્સ દ્વારા પચાવી પાડવામાં આવી હોય.

પ્રણવના પપ્પા સુરેન્દ્રનગરમાં રહે. ચાર-છ મહિના પછી સુરેન્દ્રનગરમાં ટ્રાન્ઝિસ્ટર પર પ્રણવે એ જ બંદિશ ફરી વાર સાંભળી. આ વખતે એણે અવાજ ઓળખી કાઢ્યો, 'મમ્મી! મમ્મી! જો, આ અવાજ પં. જસરાજનો જ છે ને?' મમ્મી હસી પડી, 'બેટા, પંડિતજીને જસરાજ નહીં કહેવાનું, પં. જસરાજજી કહેવાનું.'

'પણ એ તો એમની હાજરીમાં જ ને, મમ્મી?'

'ના, દીકરા! એમની ગેરહાજરીમાં પણ! જાગતા હોઈએ ત્યારે પણ અને ઊંઘતા હોઈએ ત્યારે સપનામાં પણ. આ દેશમાં આદરથી લઈ શકાય તેવાં નામો બહુ જૂજ બચ્યાં છે હવે.'

પ્રણવ મોટો થતો ગયો. એનું સપનું ડોક્ટર બનવાનું હતું. વાંચનના કલાકો વધતા જતા હતા. બારમા ધોરણની બોર્ડની પરીક્ષામાં તેજસ્વી દેખાવ કરવા માટે દિવસ-રાત મહેનત કરવી પડે તેમ હતી. અભ્યાસની વચ્ચે વચ્ચે ક્યારેક ટ્રાન્ઝિસ્ટરમાંથી તો ક્યારેક કેસેટમાંથી આવાં ગીતો કાનમાં પડી જતાં હતાં. 'એરી મૈં તો પ્રેમદીવાની, મેરા દરદ ન જાને કોઈ.' પ્રણવ મમ્મીની દિશામાં પ્રચ્છન્ન નજર ફેંકી લેતો હતો. તરત ત્યાંથી જવાબ આવી જતો, 'રાગ ભીમપલાસી છે.' ક્યારેક રફી સાહેબનું ગાયેલું ભજન સંભળાઈ જતું, 'મન તડપત હરિ દરસન કો આજ.' પ્રણવની ફેંકાયેલી નજર અને મમ્મી નામના

*આનંદમંડળી મળી વરસો પછી જે, કૈં કેટલું સ્મરણમાં ઊભરી રહ્યું તે,*
*વળી વળી યાદ ભુલાયું આવે, વીતી બધી પળ ફરી રમવા લુભાવે.*

માહિતીખાતામાંથી મળેલો ઉત્તર, 'રાગ માલકૌંસ.'

ધીમે ધીમે પ્રણવના કાન ટેવાતા ગયા. ફિઝિક્સ અને કેમિસ્ટ્રીના નિયમો, સિદ્ધાંતો અને પ્રયોગની સાથે સાથે ભારતીય શાસ્ત્રીય સંગીતનાં રાગ-રાગિણી પણ દિમાગમાં પોતાની જગ્યા બનાવતા રહ્યા.

બોર્ડની પરીક્ષામાં પ્રણવ મેદાન મારી ગયો. મેડિકલમાં પ્રવેશ પાકો થઈ ગયો. એ બે મહિનાના લાંબા વેકેશનમાં મોસાળ રહીને એણે એક જ કામ કર્યું. મામાને પકડ્યા, 'મામા, શાસ્ત્રીય રાગો પર બનેલાં ફિલ્મી ગીતો મેં બહુ સાંભળી લીધાં, હવે મારે શુદ્ધ ક્લાસિકલ ચીજ સાંભળવી છે.'

મામાએ કેસેટ ચાલુ કરી. પં. જસરાજજીનો ઘૂંટાયેલો સ્વર ઓરડાને ધન્ય કરી રહ્યો, 'રાની તેરો ચીર જીયો ગોપાલ.' પ્રણવ ભક્તની જેમ આંખો બંધ કરીને એના ભગવાનનો દીધેલો પ્રસાદ ઝીલી રહ્યો. છેલ્લે મામાએ મૂકેલો મમરો પણ એને આજ સુધી યાદ રહી ગયો છે, 'રાગ યમન. આને કહેવાય ગૌમુખમાંથી પ્રગટેલું ગંગાજળ! એનાથી વધારે શુદ્ધતમ અને પવિત્રતમ આ જગતમાં બીજું કંઈ હોઈ શકે જ નહીં.'

એ રજાઓમાં પ્રણવે દિવસના ત્રણ-ચાર વાર લેખે રોજ એ એક જ ચીજ સાંભળ્યા કરી. પંડિતજીની સાથે એના દિલનો તાર ક્યારે જોડાઈ ગયો એની પણ ખબર ન પડી.

વેકેશન પુરૂં થયું. પ્રણવને જામનગરની એમ. પી. શાહ મેડિકલ કોલેજમાં એડમિશન મળ્યું. હોસ્ટેલમાં રહેવાનું હતું. મેસમાં જમવાનું હતું. ફોર્મેલિનની વાસ મારતાં મડદાંઓ ચીરવાનાં હતાં અને મોડી રાત સુધી એનેટોમી અને ફિઝિયોલોજીનાં દળદાર થોથાંઓ વાંચવાનાં હતાં.

માનવદેહનાં ઊંડા રહસ્યો આત્મસાત્ કરવાની પળોજણમાંથી ક્યારેક થાકે ત્યારે પ્રણવ દોઢસો રૂપિયાના સસ્તા ટેપરેકોર્ડરમાં કેસેટ ભરાવીને એને ગમતું પ્રિય ભજન સાંભળવા બેસી જાય. જામનગરનું જાગતું કેમ્પસ, ભાંગતી રાત અને પં. જસરાજજીનો ઘેઘૂર અવાજ, 'શિવોહમ્...! શિવોહમ્....!' પ્રણવ ભાવાવેશમાં આવીને રડવા લાગે. રૂમ પાર્ટનર ગભરાઈ જાય. પૂછે, 'પ્રણવ, શું થયું? તું ક્યાં ખોવાઈ ગયો?' પણ પ્રણવ તો હોસ્ટેલમાંથી ઊઠીને હિમાલયની ટોચ પર શિવજીનાં ચરણોમાં પહોંચી ગયો હોય, જવાબ ક્યાંથી આપે?

આ ભજન, આ શિવસ્તુતિ સમય જતાં પ્રણવની પ્રિય ચીજ બની ગઈ. એના મનમાં એક સંકલ્પ રચાઈ ગયો, 'જો ભક્તિ કરવી તો આવી જ કરવી.'

ભગવાન શિવજી ઉપરાંત બીજા એક ભગવાન પણ પ્રણવના હૃદયમાં પોતાનું આસન જમાવી રહ્યા હતા. એ હતા અવાજના ઈશ્વર, ગાયકીના ગોડ, સાત સૂરોના માલિક સ્વર-સદાશિવ પં. જસરાજજી. આવી પ્રગાઢ ભક્તિમાંથી જ એક ઈચ્છા જન્મી. 'પંડિતજીને એકાદ પત્ર લખ્યો હોય તો???' પણ એ માટે તો સરનામું જોઈએ. અહીં પેલી શાહરુખવાળી વાત યાદ આવી જાય, 'અગર આપ કિસીકો પૂરી શિદ્દત સે ચાહો તો સારી કાયનાત ઉસે આપસે મિલાને મેં જુડ જાતી હૈ.'

માની ન શકાય એવું બની ગયું. વેકેશન પડ્યું. પ્રણવ ફરી પાછો રાજકોટ મામાના ઘરે રહેવા ગયો. મામા એકાઉન્ટન્ટ જનરલની ઓફીસમાં કામ કરે. ત્યાં પ્રણવના હાથમાં એક ધૂળ ખાતી ટેલિફોન ડિરેક્ટરી મળી આવી. ડિરેક્ટરી મુંબઈ શહેરની હતી! પ્રણવે આંખનું મટકુંયે માર્યા વગર પાનાં ફેરવવા માંડ્યાં. પં. જસરાજજીના ઘરનો ટેલિફોન નંબર જડી ગયો. અનબિલિવેલબલ! એમાં સરનામું પણ હતું.

અઢાર વર્ષના પ્રણવમાં સીધો ફોન લગાડવાની તો હિંમત ક્યાંથી હોય! એણે એક ગ્રીટિંગ્ઝ-કાર્ડ પોસ્ટ કરી દીધું એવી ખાતરી સાથે કે સામેથી જવાબ નહીં જ આવે. અઠવાડિયામાં જ સામેથી પ્રત્યુત્તર આવ્યો, 'ધન્યવાદ!'

નીચે પંડિતજીની છાપેલી સહી હતી. કોઈ શિષ્યા અથવા સેક્રેટરીએ મોકલેલો ફોર્મલ રિપ્લાય હતો, પણ પ્રણવ માટે તો આટલુંયે બહુ હતું. એના માટે

*સાથી હતા કોક અકાળ ઊઠ્યા, હા, કોઈને ભૂત રળ્યાં અનૂઠાં,*
*કો બાપડાને ભગવાન રૂઠ્યાં, કોઈ વળી નફકરે જલસા જ લૂંટ્યા.*

બે વાતો હવે મુખ્ય બની ગઈ હતી: એક, વાર-તહેવારે પંડિતજીને કાર્ડ્ઝ મોકલવાં અને બીજું, પોકેટમનીમાંથી પં. જસરાજજીનાં ગીતોની કેસેટ્સ ખરીદવી.

એક દિવસ હિંમત એકઠી કરીને પ્રણવે મુંબઈ ફોન લગાડ્યો. એકાદ હાથફેરા પછી પંડિતજી લાઈન પર આવ્યા. પ્રણવનું નામ સાંભળીને તરત જ ઓળખી ગયા, 'બોલો બેટે! કૈસે હો ? તુમ્હારે કાર્ડ્ઝ મિલતે રહતે હૈં.'

પ્રણવે બોલવા માંડ્યું. એ સતત બોલતો રહ્યો. 'પંડિતજી! હું તમારો ચાહક છું. ભક્ત છું. પાગલ છું તમારી ગાયકી પાછળ. હું તમને શી રીતે સમજાવું કે... ?'

'બેટા, સમઝાને કી જરૂરત નહીં હૈ. તુમ્હારા પ્રેમાદર તુમ્હારી આવાજ મેં ઝલકતા હૈ.' પંડિતજીએ ખૂબ સમભાવપૂર્વક વાત કરી. પછી તો આ પણ એક ક્રમ બની ગયો. પ્રણવ જ્યારે મન કરે ત્યારે ફોન ઘુમાવે. પંડિતજીના ઘરમાં પણ હવે બધાં એને ઓળખતા થઈ ગયા. પંડિતજી આરામમાં હોય તો પણ વાત કરાવી આપે. કાચી ઉંમરનો યુવાન વિદ્યાર્થી પોતાની અંગત વાતો પણ પંડિતજી આગળ બકી મારે. પંડિતજી! આજે મારાથી ખાસ વંચાયું નહીં. આજે જમવામાં પણ મજા ન આવી. મને એક છોકરી ગમી ગઈ છે. જો એની સાથે લગ્ન થાય તો જલસો પડી જાય વગેરે વગેરે!

પંડિતજી હસીને બોલે, 'અવશ્ય હોગી તેરી શાદી! મેરા આશિર્વાદ હૈ.'

એક દિવસ પ્રણવે ફોન કર્યો, 'પંડિતજી, આજે હું બહુ ઉદાસ છું. તમારી ગાયેલી એક ગંભીર રચના સાંભળી આજે રાગ મારવા. 'ચરણ પ્રીત કરુણા નિધાન...! દેખ દેખ બાટ તોરી, તરસ મરે નૈના, જ્ઞાન-ધ્યાન કછુ ન ભાવે, દેખન કો જીયા ચાહે, લાગ રહી યે હી રટના, પિયા કબ ઘર આયે.' આ સાંભળીને હું ખૂબ રડ્યો, પંડિતજી...!'

'સમઝ ગયા, બેટે! મૈં સબ સમઝ ગયા! મૈં તુમ્હેં અબ જ્યાદા ઈંતઝાર નહીં કરવાઉંગા.' કહીને પંડિતજીએ ફોન પૂરો કર્યો. થોડાક જ દિવસો પછી પ્રણવની હોસ્ટેલના સરનામે એક પત્ર આવ્યો. પંડિતજીની શિષ્યા તૃપ્તિ મુખર્જીના હસ્તાક્ષરમાં લખાયેલો પત્ર હતો, 'પ્રિય પ્રણવજી! પંડિતજી દ્વારિકા યાત્રા પર નિકલ રહે હૈ. બીચ રાસ્તે વિશેષ રૂપ સે આપસે મિલને કે લિયે હી જામનગર પધારેંગે. તારીખ ઔર સમય કૃપયા નોટ કર લીજીયે.'

આખા કેમ્પસમાં ખળભળાટ. વિશ્વભરમાં મશહૂર શાસ્ત્રીય સંગીતના દિગ્ગજ ગાયક પં. જસરાજજી આપણી હોસ્ટેલના એક રૂમમાં પગલાં પાડશે ? એ પણ એક સાવ અજાણ્યા અપરિપક્વ યુવાન વિદ્યાર્થીને મળવા માટે ? ? ?

પ. જસરાજજી ખરેખર પધાર્યા. પ્રણવના રઘવાટનો પાર ન હતો. હોસ્ટેલમાં તો સ્વાગતનો પ્રશ્ન જ ઊભો થતો ન હતો. સોલેરિયમની સામેની ગલીમાં બીજા એક મામા રહેતા હતા. ત્યાં મુલાકાત ગોઠવી. મિત્રની કાર લઈને એરપોર્ટ ગયો. પંડિતજીને બેસાડીને લઈ આવ્યો. ત્રણ માળનું મકાન હતું. લિફ્ટની સગવડ ન હતી. 'બેટા, મુજસે સીઢિયાં ચડી નહીં જાતી હૈં.' પંડિતજીએ ખિન્ન સ્મિત ફરકાવીને કહ્યું. પ્રણવના તો જાણે પ્રાણ ચાલ્યા ગયા! તરત જ પંડિતજી સમજી ગયા. ખુલ્લા રસ્તા પર ચોકીદારનો કાથીનો ખાટલો પડેલો હતો. તે ઢાળીને તેના પર બેસી ગયા. પૂરો એક કલાક ગોષ્ઠીમાં વિતાવ્યો. ખૂબ આગ્રહ કર્યો ત્યારે માત્ર કોફી પીધી. ભોજનનો આગ્રહ કર્યો તો કહ્યું, 'નહીં, બેટા! ઈતના બહુત હૈ. યહાં સે હમ ચંદુભાઈ બારદાનવાલા કે ઘર જાયેંગે. ભોજન વહીં પે કરેંગે!'

૧૯૯૨-૯૩ની આ મુલાકાત. એ સંબંધ આજે પણ ચાલુ છે. વધારે ગાઢ બન્યો છે. પ્રણવ અનેક વાર મુંબઈ પંડિતજીના ઘરે પણ જઈ આવ્યો છે. વિશ્વના શીર્ષસ્થ કલાકાર અંગત જીવનમાં કેટલા સરળ હોઈ શકે એનું આ જીવંત દૃષ્ટાંત છે.

(ડૉ. પ્રણવ ઠાકર હાલમાં સીતાપુર ખાતે મેડિકલ ઓફિસર છે.)

* * *

*માહોલ એ જ પણ માણસ સાવ નોખાં, શેં ભૂલવાં એ જણ જે અનોખાં ?*
*ભલું થયું કૈંક ફરી મળાયું ? ને જે મળ્યું ન ફરી તે ઘટમાં ઘૂંટાયું.*
*ભાથું લગાર મળ્યું છેવટ જિંદગીમાં, છૂટા પડ્યા અવશ, નેણ જરાક ભીનાં. - હરિકૃષ્ણ પાઠક*

## વાતમેળો : ચકલી

કેટલા વખતથી જોઇ નથી. અને હવે તો એ હતી તે પણ પરાણે યાદ કરવું પડે છે, પણ હતી તો ખરી જ. કેટલી બધી– આખો વખત ચાંચમાં તણખલાં લઈને ઊડાઊડ કરતી, ઘડીમાં બા–દાદાજીના મોટા ફોટા પાછળ સંતાતી, ઘડીમાં અભરાઈના ખાલી ખૂણા શોધતી, અમારું ઘર જાણે એનું જ ન હોય, એવી દાદાગીરીથી અડ્ડો જમાવતી. ક્યાં ગઈ હશે એ બધી ?

આમ જોવા જાઓ તો કંઇ રંગરૂપ એવું ખાસ નહીં, કંઠમાંયે કશી મધુરતા કે વિશિષ્ટતા નહીં, કશાક કિમિયાથી બાળકોની વાર્તામાં ભરાઈ બેઠેલી અને સમૂહજીવનને જ માન્ય રાખતી એ બધી ચકલીઓ ક્યાં જતી રહી હશે ?

ખેર, 'સમય સમય બલવાન હૈ, નહીં પુરુષ બલવાન!' તો વળી ચકલીઓનાં તે શાં ગજાં કે સમયને શિકસ્ત આપે! એ તો ગઇ... ગઈ તે બસ ગઈ જ. એમ કહેવાય છે કે મોબાઈલ ટાવરને લીધે, પણ એમ તો બીજાં પંખીઓ શું નહોતાં? એને એકલીને જ એવું તે શું નડ્યું કે આમ અલોપ જ થઈ ગઇ એ આખો વખત ચકચક ચીંચીંમાંથી ઊંચી જ ન આવતી ટોળાબંધ ચકલીઓ ?

કશો વાંધો નહીં, હજુ તો કેટલાં બધાં રૂપાળાં ને જાતજાતનાં પક્ષીઓ આપણી પાસે છે! ને એમને જોવા માટે મોબાઈલ પણ હાથવગો ક્યાં નથી?

ચકલીઓ ગઈ તો ભલે ગઇ, ઘર ચોખ્ખાં રહેશે. તોયે કોને ખબર શાથી, મનમાં જરા ચચાણાટ રહે છે. ક્યાં ગઇ એ ચકલીઓ?

અચાનક પાછળથી કોઈના બે હાથ આવીને ગળામાં વીંટળાઈ વળ્યા, અજાણી સુગંધ અને કોમળ સ્પર્શ.

'હાય, દાદુ! શું કરો છો?'

'કંઈ નહીં.'

'ધેટ્સ ફાઇન! તો જરા ઊઠોને, આઇ વોન્ટ ટુ બોરો સમ મની.'

ઊઠવું તો પડ્યું, લીઝા નારાજ થાય તો એની માને અને દાદીને મનાવતાં મારો દમ નીકળી જાય. એના કરતાં ઊઠેલું સારું. ચાવી શોધવી અને કબાટ ખોલવું એ સારું. 'સમ મની'ની વ્યાખ્યા શી હશે એનો વિચાર ન કરેલો જ સારો. અને 'બોરો'નો અર્થ ડિક્શનરીમાં શોધવાની કશી જરૂર નહીં, એ સમઝી લેવાનો.

લીઝા દસ હજાર લઇને ચાલી ગઇ. 'લંચ, શોપિંગ, કેબ... એટલા તો થાયને, દાદુ?' પૂછતી ગઈ. હકારમાં ડોકું હલાવ્યા વગર છૂટકો નહોતો.

'લીઝ! વ્હેર આર યુ?' અંદરથી અવાજ આવ્યો.

'એ તો ગઇ!'

'ઓહ, નો! જોને કોણ રાખશે? નૈની તો હજી આવી નથી.'

અમારો ગ્રેન્ડ જમાઇ વિકી મૂંઝાયેલા અને અકળાયેલા ચહેરા સાથે પ્રગટ થયો. એની સમસ્યાનો કોઇ ઉપાય મારી પાસે નહોતો એટલે મેં માત્ર સહાનુભૂતિસૂચક ડોકું હલાવ્યું. તેથી એને ખાસ રાહત લાગી હોય એવું તો કંઈ દેખાયું નહીં, પણ એથી વિશેષ હું કંઇ કરી શકું એમ નહોતો એટલે અવાજના જુદા જુદા સ્તર પરથી 'જો!' 'જો!' કરતો કરતો એ પાછો અંદર ચાલી ગયો.

હું શાંત હતો. એમાં મારે કંઇ ખાસ પ્રયત્ન કરવો નહોતો પડ્યો, કારણ કે છેલ્લા કેટલાય વખતથી હું આ જાતના માહોલથી ટેવાઈ ગયો હતો. વળી મને ખાતરી હતી કે આ દેશમાં કંઇ આ લોકો સ્થાયી રૂપે ટકવાના નથી. વહેલામોડા એમની દેવભૂમિ પ્રતિ પ્રયાણ કરશે અને મારી પત્નીને અને મને પણ વારફરતી મહેમાન તરીકે બોલાવશે. હું તો કોઈ પણ સંજોગોમાં ટ્રમ્પભૂમિ પર જવાનો નહોતો તે એ બધાં જાણતાં હતાં અને હું માનું છું કે એ બાબતસર ખુશ પણ હતાં.

પણ વાત હતી ચકલીઓની. એ બધી આ દેશ છોડીને ક્યાં ગઈ હશે? ત્યાંના લોકો ઘરમાં દાદાદાદીના મોટા ફોટા લટકાવતા હશે ? વાસણો માટેની અભરાઈ હશે ? કે પછી જોખમમાં મુકાયેલી પ્રજાતિ તરીકે એમનું પણ સંરક્ષણ અને સંવર્ધન થતું હશે ?

જે હશે તે ! મારે શી પીડા? અને આમેય હું એકલો આ બાબત શું કરી શકવાનો હતો ? હા, એટલું યાદ રાખવાનું જે કોઈ વખત ગુજરાતી જાણતાં બાળકોને વાર્તા કહેવાનો પ્રસંગ આવે ત્યારે પેલી 'ચકલી લાવી ચોખાનો દાણો અને ચકલો લાવ્યો દાળનો દાણો' એ વાર્તા નહીં કહેવાની. નકામી જાતજાતની પ્રશ્નોત્તરીની મુસીબત ઊભી થાય!

### ધર્મસંદેશ - ૧૧૩ નો ઉકેલ

આડી ચાવીઓ -
(૧) નાળાછડી (૩) ભાવિકો (૫) યતિ (૬) ઇડર (૭) મોક્ષ (૧૦) ભૈરૂતારક (૧૧) ચૌ (૧૨) મિથ્યાત્વ (૧૩) વડી (૧૪) સુમંગલા (૧૭) આયંબિલ (૧૯) વિસ (૨૦) ત્રિ (૨૧) સાત (૨૩) પ્રભુ (૨૪) કાવિ (૨૮) કાત્રજ (૨૯) પર્વ (૩૦) વિજય ચિંતામણી (૩૧) ટીલડી

ઊભી ચાવીઓ -
(૧) નાકોડા ભૈરવ (૨) છત્ર (૩) ભાડવા (૪) વીર (૫) યક્ષ (૮) તોરણ (૯) તત્વ (૧૨) મિથિલા (૧૪) સુલસા (૧૫) ગતિ (૧૬) ત્રસ (૧૮) યંત્ર (૧૯) વિભુ (૨૨) તરપણી (૨૩) પ્રજ્ઞા (૨૪) કાત્રજ (૨૫) વિજય (૨૬) સમતા (૨૭) ઊંટડી

આમેય ચકલી કંઇ એવું રૂપાળું પક્ષી તો છે જ નહીં. સફેદ, આછો બદામી, ઘેરો બદામી ભૂખરો ને થોડોક કાળો રંગ લઇને બેસી જાઓ તો એનું ચિત્ર દોરી શકો. ને ન આવડે તોયે શું? મોટાં મોટાં સહેલાઇથી ઊંચકી શકાય નહીં એવાં પુસ્તકોમાં એનાં ચિત્ર પણ જોઇ શકો. એમાં છેય શું મોટું ? એક વખત ચકલીઓ હતી અને હવે નથી. બસ વાત પૂરી!

જોને રીઝવવાનાં ફાંફાં મારતા વિકીના હાથમાં અમારું એકાદ જૂનું આલબમ આવી ગયું હશે એમાંથી મારી ત્રણ ફોઈઓના ફોટા જોઇને એ વિચારમાં પડ્યો અને પૂછ્યું. 'એસ્ક્યુઝ મી ગ્રેન્ડપા, આ લોકો કોણ છે?'

'આ કનકલક્ષ્મી, આ કુસુમલક્ષ્મી, ને આ કુમુદલક્ષ્મી.'

'ઓલ લક્ષ્મીજી?'

'હા, તે વખતે એવાં નામની ફેશન હતી.'

હું એ જૂના, ઝાંખા પડી ગયેલા ફોટા સામે જોઇ રહ્યો. તેલ નાખીને ઓળેલા વાળની લટને છેડે ફૂમતા કે રિબિન, કપાળમાં ઝીણા મોટા ચાંલ્લા, કાનમાં લવિંગિયાં ને ઘાઘરીપોલકાનો પહેરવેશ. એક જણે ઘણે ભાગે કુમુદફોઇએ જ પગમાંના ઝાંઝર બરાબર દેખાય એટલા માટે ડાબા પગ પરથી ઘાઘરો ઊંચો ખેંચેલો.

મને જરા હસવું આવ્યું. સાથે સાથે યાદ આવ્યું. કુસુમફોઈ વળી પેટી વગાગતા અને ત્રણે બહેનો ગાતી, 'કરણરાય તું, ક્યાં અરે ગયો? નગર છોડીને શીદને ગયો ?'

આટલાં વરસે એ ગીત પાછું સજીવન થયું. ભણવામાં હોશિયાર, સીવણ ભરતમાં કાબેલ, ને સરસ રસોઇ બનાવતી એ મારી ફોઈઓ વારફરતી સાસરે સિધાવી ત્યારે ઘર કેવું સૂનુંસનું લાગતું!

પણ એક આશા રહેતી, કેરીગાળામાં એ અચૂક પિયેર આવશે, ઘર પાછું ગાજતું વાજતું થઈ જશે. સૌ સુખદુઃખની વાતો કરશે, હસશે, હસાવશે, ક્યારેક નિસાસા પણ નાખશે, તોયે વખત આવશે એટલે પાછી ઊડી જ જશે.

એ વાસ્તવિકતા અમે બધાએ મનેકમને સ્વાકારી જ લીધી હતીને ? તો પછી રહી રહીને આ ચકલીઓમાં શાથી જીવ ભરાય છે?

– **ધીરુબહેન પટેલ,** 'નવનીત સમર્પણ'માંથી સાભાર


॥ આશાપુરા માતાજી યે નમઃ ॥

**મૈશેરી પરિવારના કુળદેવી**
**શ્રી આશાપુરા માતાજીની ત્રીજી પહેડી**

જય જિનેન્દ્ર સાથે જણાવવાનું કે કચ્છ જખૌ નગરે નિમવારા ફરીયામાં બિરાજમાન આપણા **કુળદેવી આશાપુરા માતાજીની** તેમજ **ભલારા દાદાની ગંધી (ધ્રોત્ર) બદલવાનું** સંવત ૨૦૭૪ વૈશાખ સુદી ૧૪ ને **રવિવાર તા. ૨૯-૦૪-૨૦૧૮**ના શુભ દિવસે રાખેલ છે.

**માતાજીની ત્રીજી પહેડી તા. ૩૦-૦૪-૨૦૧૮ સોમવાર** વૈશાખ સુદ પુનમના રાખેલ છે. પહેડીનો લાભ **શ્રી લાલજી રતનશી ભારમલ મૈશેરી પરિવારે** લીધેલ છે.

**સર્વે મૈશેરી ભાઈઓ તેમજ નિયાણી બહેનોને સહ પરિવાર પધારવા આમંત્રણ છે.**

લી. **ભોઈમાં રાજુલા રમેશ મૈશેરી**

**મો.: 07875636151**


## નમ્રતાનું પરિણામ

એક મૅડમ સાડીઓના મોટા શોરૂમમાંથી એક મોંઘી સાડી લાવ્યાં, પરંતુ પહેલી જ વખત ધોયા પછી એ સાડી બગડી ગઈ. વેપારીએ આપેલી ગૅરન્ટી ખોટી પડી.

એ મેડમે પોતાના ડ્રાઈવર સાથે શોરૂમના માલિકને એક પત્ર મોકલ્યો. 'તમારી દુકાનેથી મેં સાડી ખરીદી હતી. આ સાથે તેનું બિલ પરત મોકલ્યું છું. તમારા શોરૂમના સેલ્સમૅને ગેરેન્ટી આપી હતી છતાં સાડી બગડી ગઈ છે, પરંતુ બિલ મારી પાસે હોય ત્યાં સુધી મને છેતરાઈ ગયાની ફીલિંગ ડંખ્યા કરે અને બીજું કોઈ જુએ તો તમારા શોરૂમની પ્રતિષ્ઠાને કલંક લાગે. એક સાડી બગડવાથી મને તો બે-ત્રણ હજારનું નુકસાન થયું છે, પણ એટલા જ કારણે તમારા શોરૂમની પ્રતિષ્ઠા ઝંખવાય તો તમને મોટું નુકસાન થાય. મને હજીયે તમારા સેલ્સમૅન પર ભરોસો છે. કદાચ તેણે ભૂલથી મને વધુ પડતી ગૅરન્ટી આપી હોય. તમે પ્રામાણિક વેપારી તરીકે વધુ કામિયાબ થાઓ એવી શુભેચ્છાઓ.'

શોરૂમનો માલિક એ પત્ર વાંચીને ગદ્‌ગદ થઈ ગયો. તેણે એ જ રાત્રે પોતાના સેલ્સમૅન દ્વારા વધુ કીમતી એક નવી સાડી મોકલી આપી, સાથે દિલગીરીના થોડાક શબ્દો પણ.

ગુસ્સો કદી ચમત્કાર ન કરી શકે, નમ્રતા જ ચમત્કાર કરી શકે. કોઈ નફ્ફટ માણસની સામે નફ્ફટ થવાનું સરળ છે ખરું, પણ નફ્ફટ માણસની સામે પણ સજ્જન બની રહેવાનું અશક્ય તો નથી જ ને ! ગુસ્સે થઈને આપણે આપણી એનર્જી વેસ્ટ કરી છીએ, આપણું બ્લડપ્રેશર વધારી છીએ અને એટલું કર્યા પછીયે પૉઝિટિવ રિઝલ્ટની ગૅરન્ટી તો નથી જ મળતી.

– **યુ-ટર્ન'** પુસ્તકમાંથી સાભાર

**જ્ઞાતિને સ્પર્શતા સમાચારો ટૂંકમાં પાનાની એક બાજુએ સારા અક્ષરે કાર્યક્રમ પૂર્ણ થાય કે તરત લખી મોકલવા વિનંતી.**

### શ્રી શાંતિજિન જૈન જાગૃતિ ગ્રુપ-મુંબઈ

શ્રી શાંતિજિન જૈન જાગૃતિ ગ્રુપ - મુંબઈ દ્વારા ગત ૧૦ ડિસેમ્બરના સમસ્ત જૈન સમાજનો ૨૭મો સમુહ લગ્નોત્સવ શ્રી અમરનાથધામ તીર્થ ટોળા-કચ્છ મધ્યે ઉજવાયો હતો. જેમાં જૈન સમાજનાં ૨૨ યુગલો લગ્ન ગ્રંથીથી જોડાયા હતા. આ પ્રસંગે વિવિધ કાર્યક્રમો યોજાયા હતા. સંપુર્ણ સમુહ લગ્નના દાતાનો લાભ માતુશ્રી કસ્તુરીબેન મુરજી કલ્યાણજી દંડ લાખણીયા હાલે નવી મુંબઈ, સંઘમાતા ધનલક્ષ્મીબેન ચંદ્રકાન્ત હંસરાજ લોડાયા, વારાપધર હાલે વાપીએ, જ્યારે સહયોગી દાતાશ્રી માતુશ્રી મણીબાઈ ખેતશી લધાભાઈ મોમાયા પરિવાર સાંયરા હાલે મુંબઈ, શ્રી રમણીકલાલ પ્રતાપચંદ સિસોદીયા પરિવાર અલ્પા (રાજસ્થાન) હાલે પુના તથા કન્યાદાનનો લાભ વિવિધ દાતાશ્રીઓએ લીધો હતો. આ ઉત્સવમાં લોનાવાલા બાલાશ્રમની ૩ અનાથ કન્યાઓ સહિત ૨૨ યુગલો લગ્નગ્રંથીથી જોડાયા હતા. આ પ્રસંગે જૈન સમાજના વિવિધ જ્ઞાતિજનો વિશાળ સંખ્યામાં ઉપસ્થિત રહ્યા હતા તેમજ અગ્રણીયો ભુપેન્દ્ર મુરજી દંડ, કલ્પેશ મોતા, ધીરેન લોડાયા, હંસકુમાર ખીમજી, નયન ભેદા, શામજી દંડ, ઉત્તમ મોમાયા, હરીશચંદ્ર જાડેજા, હેમાબેન છેડા, જીવરાજ લોડાયા, રમણીક ગાલા સુનીલ ગોલીયા, કુલીન લુઠીયાની ઉપસ્થિતિથી લગ્નોત્સવ શોભી ઉઠ્યો હતો. ગ્રુપના પ્રમુખ જયેશ જૈન, ઉપપ્રમુખો પ્રવીણ લોડાયા અને ગોવિંદજી પટેલ દ્વારા આમંત્રિતો - ઉપસ્થિતોનું આદર સત્કારપૂર્વક અભિવાદન તેમજ નવદંપતિઓ માટે લાગણીભીની શુભેચ્છાઓની અભિવ્યક્તિનો અનુભવ માણવા લાયક રહ્યો હતો.

### ભુજમાં માનવજ્યોત સંસ્થાને મળી મોટી સફળતા

માનવજ્યોત સંસ્થા ભુજ દ્વારા સંચાલિત શ્રી જલારામકૃપા શ્રી રામદેવ સેવાશ્રમ પાલારા -કચ્છ સ્થળેથી માત્ર ૪ મહિનાનાં ગાળામાં ૩૬ માનસિક દિવ્યાંગો ઘર સુધી પહોંચ્યા છે. રઝળતા મનોરોગીઓને અહીં આશ્રમસ્થળે લાવી સારી સારવાર આપવામાં આવે છે. જેથી રખડતા-ભટકતા માનસિક દિવ્યાંગોની યાદ શક્તિ પાછી આવતાં તેઓ સ્વસ્થ બને છે. પોતાનાં રાજ્ય ગામ અને ઘરનું એડ્રેસ આપતાં જ તેઓના પરિવારજનોને શોધી કાઢવામાં આવે છે. દેશનાં જુદા-જુદા ૧૦ રાજ્યોનાં આવા ૩૬ માનસિક દિવ્યાંગો બે-પાંચ-દશ વર્ષ પછી ઘરે પહોંચતા પરિવારજનોએ ઘણી ખુશી અનુભવી હતી.

શ્રી પ્રબોધ મુનવરનાં માર્ગદર્શન હેઠળ અત્યાર સુધીમાં આવા રસ્તે રખડતા-ભટકતા ૪૧ માનસિક દિવ્યાંગો ઘર સુધી પહોંચ્યા છે. જે કાર્યની રાજ્ય અને રાષ્ટ્ર લેવલે નોંધ લેવાઈ છે. ઘરે જઈ રહેલા દરેક માનસિક દિવ્યાંગોને હાર-સાલ અને પુષ્પગુચ્છ અર્પણ કરી શુભેચ્છાઓ પાઠવામાં આવેલ. અત્યારે આશ્રમમાં ૪૧ માનસિક દિવ્યાંગો સારવાર લઈ રહ્યા છે.

### વડોદરા ક.દ.ઓ. જૈન મહાજન

વડોદરા ક.દ.ઓ. જૈન મહાજને જ્ઞાતિના જરૂરિયાત વર્ગના ૪૦ સભ્યોના મેડીક્લેમ વીમા કઢાવીને સમસ્ત જ્ઞાતિમાં એક નવી પ્રેરણા આપી છે. બધા જ સભ્યોના ત્રણ વર્ષના વીમા એક સામટા કઢાવીને હોસ્પિટલોના બેફામ ખર્ચામાંથી બચાવીને બહુ મોટી હૈયાધારણા આપી છે.

ભુતકાળમાં ડોકિયું કરીએ તો વડોદરા મહાજને પર્યુષણ પર્વમાં ઝીલાતા સ્વપ્નાની બોલીના એટલા જ રૂપિયા મરજીયાતપણે વેલફેર ફંડમાં જમા કરાવીને જ્ઞાતિના અન્ય મહાજનોને પ્રેરણા આપી હતી. એ જ ફંડમાંથી લગભગ વીસેક જણાને વૈદ્યકિય તેમજ શૈક્ષણિક લોન આપી છે. એક ક્રીટીકલ કેસમાં ૮ થી ૯ લાખની સહાય પણ આપી હતી. આ વર્ષે રેકોર્ડબ્રેક ૧૦ લાખ રૂપિયા જમા કરીને એમાંથી જ લાખ રૂપિયાના મેડિક્લેમ વીમા ઉતારીને જ્ઞાતિજનોના આશીર્વાદ મેળવ્યા હતા. આવતા અઠવાડિયે જ્ઞાતિના યુવાનોએ સ્થાપેલા યુવા મંચને પ્રોત્સાહન આપીને અખીલ ભારતીય સ્તરે


ઉત્તમભાઈ કલ્યાણજી ખોના (શાહ) • કૌશલ ઉત્તમભાઈ ખોના (શાહ)
મો. 098225 30391 મો. 088057 55551
યુ. કે. ખીમજી એન્ડ કું. હળદર - જનરલ વ્યાપારી
વસંત માર્કેટ યાર્ડ, સાંગલી, મહારાષ્ટ્ર.



કલા - કસબ અને કલરનો અનોખો સમન્વય
જ્યોતિ સિલ્ક સાડી એમ્પોરીયમ
Sachi Jari maate real nam
૨૮, ગની મેન્શન, અરોરા થિયેટર પાછળ,
માટુંગા (સે.રે.), કિંગ્સ સર્કલ, મુંબઈ-૪૦૦ ૦૧૯.
Tel.: 2404 3995 / રવિવારે બંધ Sunday Closed
Originally at Zaveri Bazar since 1976

શ્રી રાજેષ કાન્તિલાલ શાહ મેમોરિયલ ક્રિકેટ ટુર્નામેન્ટ રમવા પ્રોત્સાહન આપ્યુ છે. આ ટુર્નામેન્ટના ગેટ-ટુ-ગેધરને બી-ટુ-બી સમીટમાં ફેરવવા આયોજન કરવામાં આવ્યું છે. જે ભવિષ્યમાં જ્ઞાતિને ફળદાયી થઈ રહેશે, એવી આશા રાખવામાં આવે છે.

**લગ્નના માંડવે જતા પહેલાં વરરાજાએ કર્યું મતદાન**



શ્રી શાંતિજિન જાગૃતિ ગ્રુપ આયોજિત સમૂહ લગ્નમાં પરણવા જતા પહેલાં કુણાલ તિલકભાઈ ડાઘાએ ૦૯-૧૨-૨૦૧૭ના રોજ સવારના ૮ કલાકે માંડવી ખાતે મતદાનની ફરજ બજાવીને સૌ નાગરિકોએ મતદાન અચૂક કરવું જોઈએ તેવો સંદેશો આપ્યો હતો.

## મંજલ રેલડીયા - ધ્વજા મહોત્સવ

સહર્ષ જણાવવાનું કે આપણા ગામ મંજલ સ્થાનિકે શ્રી આદેશ્વર દાદાના જીનાલયની ૧૩૬મી ધ્વજાના લાભાર્થી **માતુશ્રી કુંવરબાઈ હીરજી કરમશી વોરા પરિવાર** તરફથી આ પ્રસંગે સ્થાનિકે કાર્યક્રમમાં સહભાગી થવાનું આમંત્રણ મહાજનશ્રીને મળેલ છે. મહાજન વોરા પરિવારનો આભાર માને છે.

- ૨૩-૨૪-૨૫ એપ્રિલ ૨૦૧૮ના આ કાર્યક્રમમાં સર્વે ગામવાસી અને નિયાણી બહેનોએ બહોળી સંખ્યામાં સ્થાનિકે પધારી કાર્યક્રમમાં શોભાવૃદ્ધી કરવા વિનંતી.
- ઘસારાને લક્ષમાં રાખી દરેક પધારનારને પોતાની રીતે સમયસર ટિકીટ કઢાવી લેવા વિનંતી. ટિકીટની ઝેરોક્ષ શ્રી લક્ષ્મીચંદ ગોસર (વલ્કલ-દાદર)ને પહોંચાડવી. સ્લીપર ટીકીટોનું પરિવાર તરફથી સ્થાનિકે રીફંડ આપવામાં આવશે. જેની નોંધ લેવા વિનંતી.

લી. **શ્રી કચ્છી દશા ઓસવાલ જૈન મહાજન**

**હોમિયોપેથિક મેડીકલ કેમ્પ**

શ્રી રાયચંદ હંસરાજ ધરમશી ચેરીટેબલ ટ્રસ્ટ અને શ્રી કીરીટભાઈ લક્ષ્મીચંદ લાપસીયા પરિવાર અને શ્રી અનંત સમર્પણ - ઘાટકોપરના સથવારે હોમિયોપેથીક મેડીકલ કેમ્પ અનંત છાયા, રૂમ નં. ૧૦૪, આર. બી. મહેતા માર્ગ, (૬૦ ફીટ રોડ), ઘાટકોપર (ઈસ્ટ), મુંબઈ-૪૦૦ ૦૭૭ ખાતે યોજાયેલ છે.

હાડકા માટે શનિવાર, તા. ૩૦-૧૨-૨૦૧૭ના સવારના ૧૦ વાગ્યાથી બપોરના ૨ વાગ્યા સુધી યોજાયેલ છે. રજીસ્ટ્રેશનના રૂા. ૫૦/- ત્યાં આવીને ભરવાના રહેશે.

કિડની, લીવર, સ્કિન, થાઈરોઈડ તથા અન્ય રોગો માટે શનિવાર તા. ૩૦-૧૨-૨૦૧૭ના બપોરના ૨ વાગ્યાથી સાંજના ૫ વાગ્યા સુધી તથા રવિવાર તા. ૩૧-૧૨-૨૦૧૭ના સવારના ૧૦ વાગ્યાથી બપોરના ૨ વાગ્યા સુધી યોજાયેલ છે. રજીસ્ટ્રેશનના રૂા. ૧૦૦/- ત્યાં આવીને ભરવાના રહેશે.

ઈચ્છુક જ્ઞાતિજનોએ લાભ લેવા સંપર્ક શ્રીમતી શ્વેતા મિતેશ શાહ પાસે મોબાઈલ નંબર : 09619270430 પર રજીસ્ટ્રેશન કરાવવું જરૂરી છે.

**સંસ્થા સમાચાર વિગતવાર છપાશે.**

આપના મહાજન, ટ્રસ્ટ, મંડળ, સંસ્થાની પ્રવૃત્તિઓના વિગતવાર સમાચાર મોકલી શકશો. અલબત્ત, તેમાં અતિશયોક્તિરૂપ વિશેષણો, અલંકારિક શબ્દો કે સુરૂચિનો ભંગ થાય તેવી વિગતો કે ભાષાનો ઉપયોગ થયો હશે તો તે છપાશે નહિં. જ્ઞાતિજનોના પુરા નામ અને વતનના ગામ જરૂરથી જણાવવા વિનંતી. સમાચાર મોકલતી વખતે પોતાનું નામ તથા મોબાઈલ નં., ઈમેલ આયડી મોકલવા જેથી માહિતી અંગે સંપર્ક સાધી શકાય.



## જીવનચક્ર

### જન્મ

| | | | | |
|---|---|---|---|---|
| ૧૦-૦૭-૧૭ | વર્ધમાનનગર (કચ્છ) | જીયા, જીગેશ ચંદ્રકાંત હિરાચંદ મુનવર | કોઠારા | પુત્રી |
| ૧૩-૦૯-૧૭ | હાલોલ | વિર્તી, ભાવેશ ખોના | નલિયા | પુત્રી |
| ૦૯-૧૦-૧૭ | સીરસી | વિયાન, ડિમ્પલ નિલેષ હરીશ ડાઘા | દલતુંગી | પુત્ર |
| ૨૫-૧૦-૧૭ | ગાંધીધામ (ભુલ સુધાર) | ધ્યારા, ભાવિકા હિમાંશુ કાંતીલાલ નાગડા | તેરા | પુત્રી |
| ૧૪-૧૧-૧૭ | મુલુંડ | પ્રથમ, છાયા પિયુષ મહેન્દ્ર દંડ | સેવક ભરૂડીયા | પુત્ર |
| ૧૬-૧૧-૧૭ | સિહોર | રોનિક, મિનાક્ષી મનિષ ડાઘા | વરાડીયા | પુત્ર |
| ૦૧-૧૨-૧૭ | વડોદરા (ભુલ સુધાર) | અયાન, સોનલ તરલકુમાર શરદભાઈ મહેશ્વરી | મોટી સિંધોડી | પુત્ર |

### સગપણ

| | | | | |
|---|---|---|---|---|
| ૧૦-૧૨-૧૭ | લોકાપુર | ફાલ્ગુન તેજકુમાર કેશવજી ધરમશી | સુથરી | ૨૫ |
| | હાલોલ | નિધિ વિરેશ પુનમચંદ નાગડા | કોઠારા | ૨૫ |
| ૧૨-૧૨-૧૭ | હૈદરાબાદ | મહેક મહેન્દ્ર શામજી મોતા | વારાપધર | ૩૧ |
| | મુલુંડ | કાજલ પંકજ ધનજી લોડાયા | મોટી સિંધોડી | ૨૫ |

### અંતરજ્ઞાતિય સગપણ

| | | | | |
|---|---|---|---|---|
| ૦૯-૧૨-૧૭ | સાયન | સંજયકુમાર જયકુમાર પિલ્લાઈ | તીરૂવલા | ૨૬ |
| | કિંગ્ઝ સર્કલ | ભક્તિ જયેશ નલીન લોડાયા (અજાણી) | કોઠારા | ૨૩ |
| ૧૦-૧૨-૧૭ | મુલુંડ | દર્શન જયેશ પાનાચંદ હરિયા | મોડપર | ૨૪ |
| | મુલુંડ | પલક પંકજ કેશવજી ધરમશી | રંગપુર | ૨૩ |

### લગ્ન

| | | | | |
|---|---|---|---|---|
| ૨૧-૧૧-૧૭ | ડોમ્બીવલી | હિતેન મહેન્દ્ર કલ્યાણજી નાગડા | તેરા | ૩૦ |
| | નાંદેડ | ભૂમિકા મહેન્દ્ર પદમશી મુનવર | જખૌ | ૨૭ |
| ૦૧-૧૨-૧૭ | મુલુંડ | મોનેશ ઈન્દ્રકુમાર શામજી ધરમશી | સુથરી | ૨૬ |
| | ડોમ્બીવલી | ઉર્વી રતીલાલ શામજી સાયલા | તેરા | ૨૫ |
| ૦૭-૧૨-૧૭ | વડોદરા | જિનેન હિરેન શામજી દંડ | તેરા | ૩૦ |
| | આણંદ | ડો. જલ્પા પ્રકાશ કુંવરજી લોડાયા | સાંધવ | ૨૮ |

### અંતરજ્ઞાતિય લગ્ન

| | | | | |
|---|---|---|---|---|
| ૨૪-૧૧-૧૭ | સ્કૉટલેન્ડ | વેંકટ મનીન્દ્રનાથ ચરનાની | વિશાખાપટ્ટનમ | - |
| | હુબલી | શ્રુતિ હિરેન ચીમનલાલ લાલકા | વારાપધર | - |
| ૦૩-૧૨-૧૭ | આદિપુર | દીપ ગિરીશ ઠાકરશી લોડાયા | વારાપધર | ૨૬ |
| | ગાંધીધામ | વિધિ રૂપેશ નટવરલાલ મિસ્ત્રી | કાંસા | ૨૬ |

### મરણ

| | | | | |
|---|---|---|---|---|
| ૦૯-૧૨-૧૭ | વાશી | દક્ષા સોમચંદ ડાઘા | વરાડીયા | ૮૦ |
| ૧૧-૧૨-૧૭ | ડોમ્બીવલી | કલ્પના બંકિમચંદ્ર નાગડા (શાહ) | જખૌ | ૫૪ |
| ૧૨-૧૨-૧૭ | મુલુંડ | મધુબેન હિરાચંદ નરશી કાનજી દંડ | લાલા | ૬૪ |
| ૧૩-૧૨-૧૭ | અમદાવાદ | જયાબેન લક્ષ્મીચંદ નાગડા | તેરા | ૬૧ |
| ૧૪-૧૨-૧૭ | મુલુંડ | દેવિકા દિનેશ ખોના | જખૌ | ૬૨ |

# આઠમી પુણ્યતિથિએ સ્મૃતિવંદના

જન્મ
તા.૧૫.૦૮.૧૯૪૨



અરિહંતશરણ
તા.૧૯.૧૨.૨૦૦૯

## સ્વ. સૌ. તારાબેન કુંવરજી દંડ

(ગામઃ સેવક ભરૂડિયા, મુલુંડ)

**આપ ગુણોના ઉદ્યાન હતા, ને હતા સમર્પણની સુવાસ**
**આપની છાયા વડલા સમી, ને કાર્ય નદી સમાન,**
**અમી ભરેલી આંખ હતી, ને હૈયે હેતનો ધોધ...**
**સુંદર જીવન જીવી ગયા, આપ્યો સત્કર્મોનો બોધ...**
**વાત્સલ્યમયી ધર્મમૂર્તિ, આપ પરિવારનું કેન્દ્રબિંદુ...**
**આપની ઉપસ્થિતિથી ચોમેર વર્તાય સ્નેહસિંધુ...**
**પ્રભુશરણમાં ચિરશાંતિ પામો સ્મૃતિમાં સચવાશે સંબંધ તંતુ**
**સ્વીકારજો અમારી સ્મૃતિવંદના**

**હર પળ આપને યાદ કરનારા આપના સ્વજનો :**

| | | |
|---|---|---|
| પતિ | : | શ્રી કુંવરજી ખીમજી દંડ |
| સાસુ-સસરા | : | સ્વ. દેવાબાઇ ખીમજી લધાભાઇ દંડ ( સેવક ભરૂડિયા ) |
| માતા-પિતા | : | સ્વ. ડેકાબાઇ ગોવિંદજી દામજી ખોના ( ગોરખડી ) |
| પુત્ર-પુત્રવધુ | : | અ. સૌ. કલ્પના મનોજ કુંવરજી દંડ |
| પુત્રી-જમાઇ | : | અ. સૌ. મીતા હિતેશ હિંમતલાલ લોડાયા ( મોટી ખાવડી ) |
| | : | અ. સૌ. જયશ્રી કમલેશ પાશ્વીર નાગડા ( રંગપુર ) |
| પૌત્રી-જમાઇ | : | અ. સૌ. ઉન્નતિ જિનેશ ભરતભાઇ ધુલ્લા ( સેવક ભરૂડિયા ) |
| પૌત્રી | : | સ્તુતી, પલક |
| દોહિત્રી-દોહિત્રા | : | સૃષ્ટિ, યતીશ, સંયમ |

C.D.O. Prakash Samiksha R.N.I.No. MAHGUJ/1998/04640 Day of publication every Monday (18-12-17)
Postal Regd. No. MCE/53/2015 - 2017 WPP Licence No. MR/ Tech/WPP-261/East / 2017
Posting : Tuesday/Wednesday Posted at Mumbai Partika Channel Sorting Office, Mumbai - 400 001

## કસબનાં ચણિયા-ચોળી : દિવ્યા ચેતન ખોના

સુંદર સુશોભિત કસબમાંથી તૈયાર કરાય છે કસબનાં ચણિયા-ચોળી. ગીત-રાસમાં કન્યા સહિત આપણી ઘણી બહેનો આ ચણિયા-ચોળી પહેરીને પ્રસંગને ચાર ચાંદ લગાવે છે. ઘેરદાર ચૂણ ચૂણવાળો ચણિયો, ભરાવદાર ઘૂઘરી, કસબથી મઢેલી અને આકર્ષક વણાટવાળી ઓઢણી ચણિયા-ચોળીને જાજરમાન ઓપ આપે છે.



## છૂટી મડ : સોનલ દિપક લોડાયા

દાંડિયા-રાસ ગીત-રાસમાં સૂરીલા ઢોલ શરણાઈના નાદે મટુકડી, ઢોલરાંધ, ધમાલ, બાર દાંડિયા રમાય છે. બહેનો જૂના જમાનાથી આવા અવસરે છૂટી મઢ ધારણ કરીને સંગીતના તાલ સાથે તાલ મિલાવીને સહિયારી રાંધો રમે છે. તેનો નજારો જોતા જ બને છે. છૂટી મડમાં ચણિયો-ચોળી અને ઓઢણી એક જ રંગના હોય છે. અથવા કોન્ટ્રાસ્ટમાં ચણિયો તથા ઓઢણી એમ પહેરાય છે.



## બાંધણી : પલ્લવી જતીન નાગડા

કચ્છની વાત આવે અને બાંધણીનું નામ ના આવે એવું બને જ નહીં. પુરાણ સમયથી લઈને આજ સુધી આપણે ત્યાં શુભ પ્રસંગે નિતનવી, વિવિધ કલર ડિઝાઈનથી સુશોભિત બાંધણીઓ પહેરાય છે. આ પારંપરિક કલાનો પ્રકાર કચ્છની મૌલિક ઊપજ છે, જે આજ સુધી યથાવત્ છે. અંગ્રેજીમાં ટાઈટડાયના આધુનિક નામથી પ્રચલિત આ સાડીનો પ્રકાર સદાબહાર છે. તેમાં રાઈના દાણાથી લઈને મગના આકાર સુધીના બંધ બંધાય છે. સિલ્ક અને કોટન વગેરે કપડામાં ઓપતી આ બાંધણીનો બંધ જેટલો ઝીણો તેટલી તે શ્રેષ્ઠતમ ગણાય છે. લગડીપટ્ટો, કોન્ટ્રાસ્ટ કલર કોમ્બો, કુંદન, જડાઉ વર્ક, કસબની બોર્ડર વગેરેથી બાંધણીમાં ઘણી વિવિધતા અને વિશિષ્ટતા લાવવામાં આવે છે. આજે પણ સીમંત-આઘેરણીના પ્રસંગે વિવિધ બાંધણી પહેરાય છે.



તો આવી નોખી-અનોખી, અનેરી, પ્રશંસનીય અને સરાહનીય છે આપણી કેટલીક પારંપરિક વેશભૂષા...
પ્રાચીન સમયમાં જે પહેરવેશની બોલબાલા હતી એવાં કચ્છી વસ્ત્રો આજે પણ સુપર હિટ છે.

મઠા માડુ કચ્છજા ને મઠા વેણ ને વર્તન, હડકો કચ્છી જત વસે, તત કરે વતનજો જતન
કલા-કસબ અસાંજે રગ-રગમેં વતનજા ભોમક (પથપતમેં) ધીંગી ધરાજા ધીંગા માડુ, કચ્છી માડુ અસીં કચ્છી માડુ.

if undelivered, please return to :
**C.D.O. PRAKASH SAMIKSHA,** C/o. R. R. Nagda, Advocate, 29/41, Tamarind Lane, Rajabahadur Compund, Near Stock Exchange Bldg., Fort, Mumbai - 400 001.
Printed & Published by : **RAICHAND R. NAGDA** on behalf of **C.D.O. PRAKASH SAMIKSHA, SAMITI (Owner)** and Printed at **THE NEW MILLENNIUM PRINTERS,** 314, Mathuradas Mill Compound, N. M. Joshi Marg, Lower Parel, Mumbai - 400013 and Published by him from Premises No. 13A Situate at 29/41, Tamarind Lane, Rajabahadur Compund, Fort, Mumbai - 400 001. **Editor : Raichand R. Nagda**

To,